નસીહતુલ મુસલેમીન

તથા

ઈલમે ગેબનો ફતવો

ઉર્દુથી તરજુમોકરીપ્રસિદ્ધકરનાર

ગુલામ મોહમ્મદ મી. હાજી હાફેજ સાદેક

શરૂથી આખર સુધી પડવું એજ એની કીંમત છે

મી. કાસેમ મુસાજી માકડા સાહેબ તરફથી ભેટ.

આવૃત્તી ત્રીજી

માહે રમજાન સને ૧૩૨૧ હીજરી

સુરત દેશિ મીત્ર પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસ છાપ્યાં.

૭૮૬ ખુદાના નામથી જે મોટો મેહેરબાન રહમકર્તા.

અલ્લાહની હમ્દ બે હીસાબ થાઓ અને તેના હબીબ મોહમ્મદ મોસતફા તથા તેવણુની આલ તથા અસહાબ તથા સર્વે મુમેનીન ઉપર અગણીત દુરૂદ અને સલામ થાઓ.

એ પછી ગુલામ મોહમ્મદ બીન હાજી હાફેજ સાદેક અરજ કરે છે કે હીન્દુસ્તાનમાં અને વિશેષ કરી ગુજરાતમાં કબર પૂજાનો તથા ગેરૂલ્લાહની મદદ માગવાનો ઘણોજ રીવાજ પડી ગયો છે અને તેઓને સમજાવવાનું કાંઇ સાધન ગુજરાતીમાં નહી હોવાથી તેણે આ રીસાલાનો તરજુમો સરલ અને ચાલુ ગુજરાતીમાં કર્યો છે. અલ્લાહ એને કબુલ કરી લોકોપયોગી કરે. અને જેવી તરેહ તેના બીજા ગ્રંથોથી લોકો લાભ લઇ રહ્યા છે તેમ આનેથી પણ લાભ લે. જો એક મુસલમાન પણ બુરા રીવાજથી બચશે તો તેનુ કલ્યાણ થશે. મૌલવીઓ માણુસોના ધર્મ સબંધી હકીમો અને વૈદો જેવા છે. એટલે જેવી બીમારી જોવી તેવો ઇલાજ કરવો જોઇએ. પણ અફસોસ કે હમણાના વાએજો કીસ્સાઓ તથા વલીયોની કરામતોને બ્યાન કર્યા કરે છે. પણ વલીઓના અમલો બ્યાન કરતા નથી વલીઓની કરામત બરહકક છે પણ વાઅજના અર્થ નસીહત તથા બોધના છે તે પ્રમાણે જરૂરતનો ખીયાલ કરી વાઅજ કહેવી જોઇએ મૌલવીઓ જો ખુદાનો ખોફ રાખી લોકોના બુરા ભલા કહેવાનો ખીયાલ નહી રાખતાં સાફ નૈયતથી બ્યાન કરશે, તો ઇનશા અલ્લાહ જલદી ફાયદો થશે. પણ અફસોસ કે તેઓ લોકોથી ડરે છે. જો તેઓ મજાલેસુલ અબરારની એક એક મજલીસ બ્યાન કર્યા કરે તો લોકોને ઘણો લાભ થાએ અને તેઓને પણ સેહેલ પડે. આ રિસાલો હું ધારૂં છું કે ઘણો ઉપયોગી થશે.[1] એમાં કરતાએ ઘણી સફાઇથી શિરકનું બ્યાન કીધું છે અને તેની સાથે બીદઅતીઓ તથા કબરપુજકોના શુબહોનો જવાબ પણ છે. એટલે વાચનાર સાહેબને વાંચતાં કઇ શક પડે તો ધીરજ રાખી આખો રીસાલો વાંચવો.[2] ખુદા ચાહશે તો તેઓનો શક દુર થશે.

એમાં વલીઓની કરામત કર્તા સાફ માને છે તેમ મુરદાંને સવાબ પોહોંચાડવા ખુદા વાસ્તે કંઇ ખેરાત કરે તો તેનો સવાબ મુરદાંને પોહોચે છે[3] તેને તથા બુજરૂગોનો વસીલો પકડવાને પણ કર્તા માને છે અને કેમ ન માને એના કરતા મોલવી ખુરમઅલી હનફી મજહબના મોટા વિદવાન વલીકામેલ છે મશારેકુલ અનવારનો તરજુમો એવણે સાહેબે કર્યો છે. તેનાં ફાયદામા હનફી મજહબના મસલાની દલીલો ઘણી સારી રીતે બ્યાન કરી છે. તથા દુરૂલ મુખતારનો તરજુમો એવણે કર્યો છે. એ સીવાઇ બીજી ઘણી કીતાબો લખી છે અને તે સર્વ ચાલુ છે ખુદા એવણુને જજાએ ખેર દીએ. અને ખુદા એવણુનો ફેજ જારી રાખે મારાં મોટા નસીબ કે ખુદાએ મને આ રીસાલાના તરજુમાની તોફીક આપી. ઓ અલ્લાહ હું સખત છુ મને નરમ કર. અને હુ નીર્બળ છુ મને કવી કર. અને હીદાયત આપવા પછી મારા દીલને તું સંભાળી રાખ. અને ખાતેમા ખેર કર. આમીન વસલ્લલ્લાહો અલન નબી.

---

૧ ખુદાએ ભાષાંતર કરનારની આશા પુરી પાડી જેથી તેણે આ રિસાલાને ત્રીજીવાર બહાર પાડયો છે ખુદા વધારે લોકોપયોગી કરે આમીન

૨ રીસાલા સમાપ્તીમાં કરતાએ કેટલાક લાભ અને ફાયદા લખ્યા છે તે ધ્યાનમાં રાખતાં કેટલીક શંકાઓ દુર થશે.

૩ મરેલાને સવાબ પોહોંચાડવાની નૈયતથી ખુદા વાસ્તે કંઈ ખેરાત કરવી કે કઈ નફલ સારૂં કામ કરવું તેનો સવાબ તેને પુગે છે એ સુંનત જમાઅતનો અકીદો છે પણ જો કોઈના દીલમાં એમ હોએ કે જો હુ મરેલાની પાછલ ખેરાત અથવા ખરચ નહી કરીશ તો લોકો મને બોલશે. તો તો તે ખેરાતનો સવાબ નહીં પોહોંચતાં ઉલટો ગુનેહગાર થાએ છે વળી મરેલાને સવાબ પોહોચાડવા દીવસોનુ મુકર કરવું એ હીન્દુઓની ચાલ છે એને શરીઅત ના પાડે છે. હદયતુલ હરમેનના પૃષ્ટ ૫૯માં દીવસ ઠેરવવાની સાબેતીમાં જે કીસ્સો ફતાવા બોરજ જન્દીથી નકલ કર્યો છે એ બનાવટી છે તથા એ ફતાવો મુલ્લા અલી કારીનો રચેલો છે એમ જે તે રિસાલામા લખાયું છે તે પણ જૂઠ છે, મજકુર રિસાલામાં ફતાવા બોરજ જન્દીથી જે કીસ્સો નકલ થયો છે તેનું ખોટાપણું મોલવી અબદુલ હૈય લખનવવાળા સાહેબે પોતાના મજમુએ ફતાવા છપાયલો સને ૧૩૦૯ના પુ. ૨ પ. ૧૭૫, ૩૬૨મા બયાન કીધું છે. ગુ. મો.

નસોહતુલ મુસલેમીન

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમ કર્તા.

સુબહાન-અલ્લાહ! અહા, શું તારી શાન છે કે; કોઇની મદદ વગર આટલા મોટા આસમાનને અને જમીનને કેવી ખુબસુરતી સાથે પેદા કીધાં અને કોઇ નબીને કે કોઇ વલીને પોતાના કારખાનામાંથી કાંઈ પણ અખત્યાર આપ્યો નહિ. ઓ ઇલાહી તારા એહસાનના હજારો હજાર શુક્ર, કે તેં અમને કુરાન અને હદીસથી પોતાની તૌહીદને સમજાવી. અને શીરકની આફતથી કે જેમાં એક જગત સપડાયલું છે તેથી ફક્ત તારા કરમથી અમોને બચાવ્યા. અને હજરત મોહમ્મદ સલ્લ-લ્લાહો અલેહે વસલ્લમની સીધી રાહ ઉપર ચલાવ્યા. ઇલાહી! આ રસુલે મકબુલ ઉપર દુરૂદ અને રહમત મોકલ કે જે તેવણુને માર્ગે ચાલ્યો, તેણે પોતાને વાસ્તે દોજખની આડ કીધી અને જે પોતાના બાપદાદાની જહાલતની રાહ ઉપર અડી ગયો, અને તેમની હદીસને ન માની તો

તેણે પોતાની આકેબત ખરાબ કીધી. અને તેવણુની આલ ઉપર રહમત મોકલ કે જેઓ તારા હુકમને તાબે રહ્યા છે, તે એટલા સુધી કે પોતાના જાનને તારા માર્ગ ઉપર કુરબાન કર્યો. અને તેવણુના નેક સહાબીઓ ઉપર (રહમત મોકલ) કે જેઓએ શિરક મુકાવી લાખો લોકોને મુસલમાન કર્યાં.

એ સર્વ પછી સાંભળવું જોઇએ કે, હમણાં હીંદુસ્તાનમાં એક અજાયબ જાતની બલા ફેલી છે કે, ઉમ્મતે મોહમ્મદીઆના ઘણા લોકો શિરકમાં સપડાએલા છે. પણ ઘણા મુસલમાનો બાપદાદાઓની ઇલમી અને ના વાકેફીને લીધે લાચાર છે. એ માટે સેવક ખુરમઅલી આજેજ (નિર્બલ) ના દીલમાં આવ્યું કે, આ શિરકની બુરાઇ કુરાન શરીફથી સાબેત કરીએ. અને દરેક આયતનો તરજુમો હિંદી ભાષામાં સાફ ચોખ્ખી રીતે કરીએ કે, જેથી જગતના બધા લોકોને ફાયદો થાએ. અને જે મુસલમાન ભાઇઓ અરબી ભાષા જાણુતા નથી. તેઓ એને સમજીને શિરકની આફતથી બચે. અને પોતાના પેગમ્બરનો રસ્તો અખત્યાર કરે. અને જે કોઇ એને પણ સમજે અને નહિ માને તે પોતાનું માથું ખાએ, કબરમાં તે પોતેજ તેને જણાઇ જશે. સાંભળી રાખો.

અલહમ્દો લીલ્લાહ કે સને ૧૨૩૮ માં આ રીસાલો બન્યો. અને એનું નામ નસીહતુલ મુસ્લેમીન રાખ્યું. અને એની બધી મતલબો પાંચ ફસલમાં લખી છે. પહેલી ફસલમાં એનું બયાન છે, કે શિરક કોને કહે છે. બીજી ફસલમાં શિરક કરનારાઓની બેવકુફાઇનું બયાન છે, ત્રીજી ફસલમાં તે ચીજોનું બયાન છે કે; જે ચીજને ખુદાએ પોતાના માન માટે ખાસ મુકરર કરી છે. અને તે વગર બીજાને કરવી દુરસ્ત નથી. ચોથી ફસલમાં શિરકની રસમોનું બયાન છે. પાંચમી ફસલમાં શિરકની બુરાઇ અને શિરક કરનારાઓની સજાનું બયાન છે.

ઇલાહી ! અમારા ઉપર તથા મુસલમાન ભાઇઓ ઉપર એવો કરમ કર કે દરેક ચીજનો તનેજ માલીક તથા મુખત્યાર જાણીએ, અને એને સમજીને તારા વગર કોઇથી ગરજ માગીએ નહિ. તું દુઆઓનો કબુલ કરનાર છે. બે રહમતેક યા અરહમરરાહેમીન.

પેહેલી ફસલ.

શિરક કોને કહે છે તેનું બયાન એમાં છે.

તોહીદ હિંદી જુબાનમાં એક જાણુવાને કહે છે. અને શિરક સાથી (અથવા ભાગીદાર) કરવાને કહે છે. પ્રથમ મુસલમાન ઉપર એજ ફરજ છે કે, તે ખુદાની તોહીદને જાણે. અને શિરકથી બચે. તોહીદ એનું નામ નથી કે, જીભાથી ખુદાને એક કહે અને પોતાની હાજતો, અને મતલબોને માટે પેગમ્બરો અને પીરોની માનતા માને. એનુંજ નામ તો શિરક છે. પણ તોહીદના અર્થ આ છે કે. માત્ર ખુદાનેજ દરેક ચીજનો માલીક તથા મુખત્યાર જાણે. અને એમ સમજે કે, તેના સિવાય ફરી તે પીર હોએ કે પેગમ્બર હોય, ફીરસ્તો હોએ કે શહીદ હોએ, કોઇને જરા પણ તેના કારખાનામાં અખત્યાર નથી. તેની રૂબરૂ સર્વ બે અખત્યાર અને આજેજ છે. અને શિરક એનું પણ નામ નથી કે ખુદા વગર બીજા કોઇને આસ્માન જમીનનો માલીક (તથા પેદા કરનાર) જાણે. કેમકે એ તો કોઇ મુશરેક અને કાફર પણ કહેતો નથી. તેઓ પણ આજ કહે છે કે, દરેક ચીજનો ઉત્પન્ન કરનાર ખુદા છે, પણ શિરકના અર્થ આ છે કે, ખુદાએ જે કેટલીક ચીજો પોતાને વાસ્તે ખાસ મુકરર કરી છે, તેમાં બીજાઓને પણ ભેળવા. જેમકે વરસાદ વરસાવવો, રીજક આપવો, માંદાને સાજા કરવાં; આફતો, બલાઓથી બચાવવું, ઓલાદ આપવી, ગેબની વાત જાણવી, દરેક જગ્યા હાજર નાજર રહેવું, લોકોની મદદ કરવી, અને જીવડાવવું, મારવું, એ બધાં ખુદાનાજ હાથમાં છે. એમાં બીજા કોઇનો અખત્યાર હોય છે એમ સમજવું તેજ શિરક છે. કે જેને મટાડવા કુરાન મજીદ ઉતર્યું. અને ખુદાના પેગમ્બરો કાફરો સાથે લડતા હતા.

કુરાન શરીફમાં હજારો જગ્યા એનું બયાન છે. જો બધી આયતો લખવામાં આવે તો આ કીતાબ મોટી થાએ, જેથી થોડી આયતોનું બયાન કરીએ છીએ કે; જે ચિત્ત રાખીને સાંભળવું જોઇએઃ—

ખુદાતાલા પોતાના નબી (સલ)ને ફરમાવે છેઃ "તુ કહે (ઓ મોહમ્મદ) કે, હું મારા જાનની બલાઇનો તથા બુરાઇનો માલીક નથી. પણ ખુદા

જે ચાહે. અને જો હું ગેબની વાત જાણતો હોત તો ઘણી ભલાઇ મેળવતે. અને મને કદી બુરાઇ લાગતે નહિ.[૧] મારૂં કામ તો ઇમાનવાળા લોકોને (અજાબથી) બીહીવડાવવું છે, અને (સવાબની) ખુશ ખબરી સંભળાવવું છે." સુરા અરાફ ૭,૧૮૭.

ફાયદો—આ તો સર્વ જાણે છે કે, ખુદાનાં પેગમ્બરની બરોબર બીજો કોઇ ખુદાનો મકબુલ બંદો નથી. અને જ્યારે એમને પોતાના જાતી નફા નુકશાનનો કશો અખત્યાર નથી., તથા તેઓ ગેબની વાત જાણતા નથી તો; બીજા ઇમામ અને પીર કઇ ગણુત્રી અને હિસાબમાં છે. આ આયતથી સાફ જણાય છે કે, ખુદા સિવાય બીજા કોઇથી મદદ માંગવી અને ગરજો માગવી નહિં જોઇએ.[૨] ફરી તે પીર હોએ, અથવા પેગમ્બર હોય; વલીઓ હોય, અગર શહીદ હોએ.

સવાલ—કેટલાક લોકો કહે છે કે, ખુદાના પેગમ્બરે ઘણી ચીજોની ખબર આપી છે કે, આવતા વખતમાં આવી રીતે થશે. તો જો તેવણુને ઇલમે ગેબ નહોતો તો, કેમ કરીને ખબર આપી. અને વલીયોનો પણ એવોજ હાલ છે. જુઓ! ફલાણા બુજરગે કહ્યું હતું કે, અમે ફલાણે દિવશે મરીશું; ને તેમજ બંયુ. અને કોઇને કહ્યું હતું કે; તને ચાર છોકરા થશે તો ચારજ થયા. એનો ઉત્તર આ છે કે, આ તેવણુને ખુદાના બતાવવાથી જણાયું હતું; એને ઇલમે ગેબ કહેતા નથી. જેટલું અલ્લાહે બતાવ્યું તેટલો હાલ તેમને જણાયો તેથી વધારે તેમણે કદી જાણેલું નહિ. પ્રખ્યાત વાત છે કે, હજરત યાકુબ (અલે) યુસોફ (અલે) ના ગમમાં રડયા કરતા હતા.[૨] પણ તેવણુ કયાં છે તે જણાયું નહોતું. જ્યારે હજરત યુસોફ મિસરના બાદશાહ થયા ત્યારે તેમને ખબર માલુમ થઈ. જો પહેલાંથી જાણતે તો શા માટે રડતે? કાફરોએ હજરત આયશાના ઉપર તોહોમત મુકયું હતું જેથી હજરત (સલ)ને ઘણી આબદા પડી હતી. ઘણા દિવસો પછી જયારે ખુદાએ કુરાનમાં ફરમાવ્યું કે, આયશા (રદી) પાક છે. ત્યારે હજરતને ખબર થઈ, જો આગળથી જાણતે તો શામાટે ગમ રાખતે? તો જયારે પેગમ્બરોની આવી હાલત છે; તો વલીઓની શી પદવી. દરેક ચીજનો હાલ જાણવો એ માણસનું કામ નથી. એ તો ખુદાના હાથમાં છે. અને આ જાણવું જોઇએ કે, અમારા પેગમ્બર (સલ) ના બે કામ છે એક દુનિયામાં હિદાયત કરવી. અને બીજું આખરતમાં ગુનેહગારોની શફાઅત કરવી તો એ બંને કામમાં પણ ખુદા તાલાએ હજરત (સલ)ને બીલકુલ અખત્યાર આપ્યો નથી. ખુદાતાલાએ કહ્યું: "ઓ મોહમ્મદ તું જેને દોસ્ત રાખે છે તેને હીદાયત કરી શકતો નથી. પણ અલ્લાહ જેને ચાહે છે તેને હીદાયત કરે છે. અને માર્ગે આવનાર (હિદાયત પામનાર)ને તે સારી રીતે જાણે છે." સુરા કસસ ૨૮ ;૫૮.

ફાયદો—ત્યારે તો હજરત (સલ)નું કામ માત્ર હકક વાતનું બ્યાન કરવું હતું. અને જો (તેવણુનાં) અખત્યારમાં હીદાયત હોત તો અબુ જહલ પણ મુસલમાન થાત. અલ્લાહ તાલાએ કહ્યું: "કોણુ એવો છે કે, જે તેના હુકમ વગર તેની પાસે શફાઅત કરે." સુરા બકર ૨; ૨૫૪.

---

૧ લાભ મેળવવો અને બુરાઇથી બચવુ એ જાણવા ઉપર અટકેલુ છે ફરી તે આપો આપ જાણે અથવા જણાવવાથી જાણે. તો જો નબી સાહેબને દરેક ચીજ જણાવેલી હોત તો આ વાકયો કદી કહેવાતે નહીં. ગુ. મો.

૨. ૫૬ નામામાં શેખ ફરીદુદ-દીન અત્તાર (રહ) કહે છે.

શેર

"ગેર હકરા હરકે ખાનદ એ પિસર"
"કીસ્ત દર આલમ અજો ગુમરાહતર"

અર્થ—ઓ છોકરા જે કોઈ ખુદા વગર બીજાને પુકારે અને તેની યાદ કરે અને તેથી પોતાની મતલબ માંગે તેથી વધારે ભટકેલો જગતમાં બીજો કોણ છે? વળી બીજી જગ્યા તેવણુ કહે છે.

શેર

"દર બલા યારી મખાહ અજ હિંચ કસ"
"ઝાંકે નબોવદ જુજ ખુદા ફરયાદ રસ"

અર્થ—કોઈ શખ્સથી બલાઓ વિષે મદદ નો માંગ. કેમકે ખુદા વગર ફરયાદને પોહોંચનાર કોઈ નથી.

મનસવીની બેતો

"ચુંકે ગમ બીની તો આંરા યાદ કુન
પેશે આં ફરયાદ રસ ફરયાદ કુન.
જુજ ખુદા કસ નેસ્ત બરતો મેહરબાં
હીલ મદદ ગેરજ ખુદાવંદે જહાં.

અર્થ—જ્યારે તું ગમ જુએ તો તેને યાદ કર તે ફરીયાદ સાંભળનારની આગળ ફરીયાદ કર. ખુદા સિવાય કોઇ તારાપર મેહેરબાન નથી જહાનના ખુદા સિવાય બીજો કોઇને હીલ આપ નો. ગુ. મો.

૩ કેટલાકો કહ્યાં કરે છે કે લોહે મહફુજને વલીયો જોયા કરે છે અને તેમાં બધી થએલી અને થનારી વસ્તુઓ લખાયલી છે તો તે સર્વને જાણનાર તેઓ થયા. એનો જવાબ કે હજરત યાકુબ પેગમ્બર હતા તેવણુને પોતાના છોકરાનો હાલ કેમ જણાયો નહી. શુ પેગમ્બરો વલીયોથી ઉતરતા છે?

ફાયદો—એટલે અલ્લાહ તાલાનો હાલ બાદશાહ જેવો સમજવો નહિ. કે બાદશાહ જેના ઉપર ગુસ્સે થાય છે, તો અમીર (વજીર) તેને બચાવી લે છે. અને તેનો જીવ અગરજો નહિ આપનો હોય તો પણ તે તેની ખાતર રાખે છે. કે મકે બાદશાહ જાણે છે કે, જો હું તેની ખાતર નહિ રાખીશ, તો અમીર વજીર મુલકમાં બગાડ કરશે. પણ અલ્લાહને તો પોતાના કામમાં બીજા કોઇની પરવા નથી.[૧] તેની ઉપર પેગમ્બરો અને વલીયોની શી તાકાત કે, તેઓ તેના હુકમ વગર શફાઅત કરે. અમારા હજરત (સલ) પણ જ્યારે ખુદાનો હુકમ મેળવશે, ત્યાર કયામતને દિવસે શફાઅત કરશે.

ફાયદો—અલ્લાહો અકબર! આ જગયાએ અલ્લાહ તાલાની સાહેબી અને મોટાઇ સમજાય છે કે; તે કેવો જબરદસ્ત અને બેપરવા માલેક છે. કે કોઇ ફીરસ્તા યા પેગમ્બરને પણ કોઇ ચીજનો અખત્યાર આપ્યો નહિ. પણ દરેક ચીજ પોતાના સ્વાધીન રાખી છે. (તેના) હુકમ વગર એક ટીપું પણ આકાશમાંથી નીચે પડી શકતું નથી. આ વખતના અણસમજ (નાદાન) લોકોએ, નબીઓ અને વલીઓ સાથે એવો નકામો અકિદો વધાર્યો છે કે, અલ્લાહની મોટાઇ અને માલેકી જેવી જોઇએ તેવી (તેઓના) દીલોમાં રહી નથી. દુનિયાની મુરાદો પણ તેઓથી માગે છે. એને જાણે છે કે, અમો ગમે તેટલાં પાપો કરીશું; તોએ તે આખરતમાં સર્વ પાપોની માફી અપાવશે. અને જે ખરો હાલ હતો તે જણાઇ ગયો કે પેગમ્બરને પણ પોતાના જાનનો પણ કાંઇ અખત્યાર નથી. અને તેવણ પણ અલ્લાહ તાલાના હુકમ વગર માફ કરાવશે નહિ.

ઘણા લોકોથી સાંભળવામાં આવ્યું છે કે, તેઓ કહે છે કે, છે તો એમજ કે અલ્લાહ સિવાય કોઇને કાંઇ અખત્યાર નથી. પણ પીર, પેગમ્બરો અલ્લાહના મકબુલ બંદા છે. તેઓ જે ચીજની અલ્લાહ તાલાથી અરજ કરે છે, તેને તે કબુલ કરે છે. તેનો જવાબ આ છે કે, બેશક તેમની ઘણી ખરી દુવા કબુલ થાય છે. પણ તેમની દરેક દુવા કબુલ થતી નથી. હજરત નુહે (અલે) પોતાના દીકરા માટે દુઆ કીધી. અને હજરત ઇબ્રાહીમે (અલે) પોતાના બાપને માટે દુઆ કીધી. અને અમારા હજરતે (સલ) પોતાના કાકા માટે દુઆ કીધી (પણ) કોઇની દુઆ કબુલ થઇ નહીં. અને હુકમ થયો કે, જાહેલ બનોમા. આ બાબતમાં અમારી મરજી વિરૂદ્ધ દુઆ ન કરો. આથી સાફ જણાયું કે, તેમની પણ તેજ દુઆ કબુલ થાય છે કે, જે ખુદાની મરજી મુજબ હોય. જો કે એ લોક પાક છે, તો પણ (ખુદાના) બંદા છે. તેઓનું અલ્લાહપર કાંઈ પણ જોર નથી કે, જે ચાહે તે તેઓ કરે; અલ્લાહ તાલાએ કહ્યું છેઃ 'તેઓએ કહ્યું કે ખુદાએ દીકરો કરી લીધો છે. તેને છાજતુ નથી. પણ તેઓ ઇજ્જતવાળા બંદા છે. તેનાથી (ખુદાથી) વધીને બોલતા નથી. અને તેઓ તેના હુકમ પ્રમાણે કામ કરે છે." સુરા અંબીયા. ૨૧, ૨૬, ૨૭.

ફાયદો—કેટલાક કાફરો પેગમ્બરોને અને ફીરસ્તાઓને અલ્લાહના છોકરા કહેતા હતા. તો (તેણે) ફરમાવ્યું કે દીકરા નથી. એમ સમજો કે તેઓ મકબુલ તથા ઇજ્જતવાળા બંદા છે. પણ એ શકિત નથી કે વધીને તેઓ બોલીશકે અથવા વગર હુકમે કાંઈ કરે.

અલ્લાહ તાલાએ કહ્યું: "તેને જણાયલું છે જે તેઓની આગળ છે. અને જે તેઓની પાછળ છે. અને અલ્લાહ જેના પર રાજી હોય તેના સિવાય કોઇની તેઓ સીફારસ કે શફાઅત કરતા નથી. અને તેઓ તેની હેબતથી ડરે છે." સુરા અંબીયા. ૨૧; ૨૮

ફાયદો—આ આયતથી સાફ જણાય છે કે. જે કોઇ પેગમ્બરની શફાઅતની આશા રાખે છે, તેને લાજમ છે કે પ્રથમ અલ્લાહને રાજી કરે. અને તેની રજાવંદી શિરક તજવા વગર બનનાર નથી.

અલ્લાહ તાલાએ કહ્યું: "જે કોઇ તેઓમાંનો (ફીરસ્તા યા નબીમાંનો) કહે કે તેની નીચે મારી બંદગી છે, (એટલે અલ્લાહ પછી હું પુજવાને લાયક છું) તો તેને અમો શીક્ષા આપીશું જહન્નમની. બે ઇન્સાફોને (જાલેમોને) અમો એવીજ

૧ અલ્લાહ બે પરવા સર્વે જહાનથી છે. સુરા આલે ઇમરાન ૩; ૯૭ સર્વે જહાનમાં પીર પેગમ્બર સર્વે આવી ગયા. મુ. મો.

(જહન્નમની) શીક્ષા આપીએ છીએ." સુરા અં-બીયા. ૨૧; ૨૯

ફાયદો—મુસલમાનો! ખ્યાલ તો કરો કે, ફીરસ્તા અને પેગમ્બરોનો આવો હાલ છે કે, અલ્લાહતાલાથી વધીને બોલી શકતા નથી. અને તેના જલાલ (મોટાઇ)ની રૂબરૂમાં ડરે છે. ખુદાની મરજી વગર કોઇની સીફારશ કરી શકતા નથી. અને આ વખતના જાહેલ મુસલમાન અદના અદના પીરોને માલીક અને મુખત્યાર સમજી સર્વ હાજતો તથા મુરાદો તેઓ પાસેથી માંગે છે, અને પોતાના પીરોની શફાઅતની ઉમેદપર ખુદાના ગુનાહોથી ડરતા નથી. અને કેટલાક મરદુદ જાહેલ પીરજાદા કેટલુંક લઇને પોતાના મુરીદોના ગુનાહ બક્ષી દે છે. અને માફીની સનંદ પણ લખી આપે છે. ખુદા તેઓપર લાનત કરે. તેઓએ તો શેતાનના પણ કાન કાપ્યા.

ખુદા તાલાએ કહ્યું: "અલ્લાહનેજ પોકારવું સાચું છે. અને જે કોઇ તેના સિવાય કોઇને પોકારે તેઓ કાઇ પણ તેમના કામને પોહાંચેતા નથી. પણ જેમ કોઇ પાણીના તરફ બંને હાથોને પસારી રાખે, કે તેના મ્હોંમાં આવી જાએ. પણ તે કદિ પોહોંચનાર નહિ. અને કાફરોનું પોકારવું ગુમરાહીમાંજ છે." સુરા રઅદ. ૧૩,૧૪

ફાયદો—એટલે જો તરસ્યો દરિયાને કિનારે હથ પસારીને પાણીને પોકારે કે, ઓ પાણી તું મારા મ્હોમાં આવી જા, તો તે કદી આવી શકશે નહિ. એવીજ રીતે જે લોકો અલ્લાહ વગર લોકોને પોકારે છે તેઓ પણ મદદ કરી શકતા નથી. એટલે અખત્યારીમાં બંને બરોબર છે. જેમ પાણીને આપો આપ મ્હોમા ઘુસવાની શકતિ નથી. તેમજ અલ્લાહ તાલાના શિવાય બીજા કોઇને મદદ કરવાની શકિત નથી. સુબહાન લ્લાહ, અલ્લાહતાલા કેવી કેવી મીસાલો આપીને પોતાના બંદાઓને સમજાવે છે. જો કોઇ એથી પણ નહિ સમજે તો તે માણસ નહિ. પણ જાનવર છે.

અલ્લાહ તાલાએ કહ્યું: "અને જો અલ્લાહ તને કાંઇ નુકશાની પોહોંચવે તો તેને તેના વગર બીજુ કોઇ મટાડનાર નથી, અને જો તે તને કાંઇ ભલાઇ પોહોંચવે, તો તે દરેક ચીજ ઉપર શક્તિવાન છે. અને તેજ પોતાના બંદાઓ ઉપર જોરાવર છે, અને તેજ ડહાપણવાળો છે. અને ખબરદાર છે."[1] સુરા અનઆમ ૬;૧૭

ફાયદો—અલ્લાહતાલા ફરમાવે છે કે, મારી આપેલી તકલીફને કોઇ દુર કરી શકતું નથી. અને આ વખતના નાદાન લોક મુશ્કેલીના વખતમાં ખુદાને છોડી તેના બંદાઓથી મદદ માગે છે. કોઇ હજરત અબ્બાસની હાજરી માને છે. કોઇ શાહ અબદુલ હકકનો તોશો કરે છે, કોઇ શાહ મદારનો મલીદો ચહડાવે છે (પણ) આટલું તો જાણુતા નથી કે, એ તો અલ્લાહના બંદા છે. તેમની શી શક્તિ કે, તેની આપેલી તકલીફને તેઓ ઉઠાવે. હા, કેટલાક જ્યારે ફારસીની એક બે કીતાબ ભણીને પોતાને ઘણા કાબેલ સમજે છે, તેઓ એમ બોલે છે કે, અમો પેગમ્બરો અને વલીયોથી જે મદદ માગીએ છીએ તે એટલા માટે કે; વારૂં, શીડી વગર શું કોઇ માળે ચહડી શકે છે? અમીર વજીરના વસીલા વગર કોઇ બાદશાહ સુધી પોહોંચે છે શું? એનો જવાબ આ છે કે, બેશક શીડી વગર માળ ઉપર ચહડવું મુમકેન નથી. તેવીજ તરેહ રસુલના હુકમને માન્યા વગર અલ્લાહને મળવું મુમકેન નથી, અને અલ્લાહના રસુલનો પહેલો હુકમ આ છે કે અલ્લાહ વગર બીજા કોઇ પાસે મદદ ન માગો. અને મુરાદો ન શોધો. હવે ખ્યાલ કરો કે, તમોએ શીડાને છોડી કે, અમોએ. અને તમો અલ્લાહને બાદશાહના જેવો સમજો છો, તે ભુલ છે. કેમકે બાદશાહ દરેક જગ્યાએ હરેક મુલકમાં પોહોંચી શકતો નથી. હરકોઇની ગરજને પોતે એકી વખતે સાંભળી શકતો નથી. તે બીજા લોકોને કામ સોંપે છે. અને સલાહ લેવામાં વજીરનો ગરજવાન છે. પણ અલ્લાહ તો મોટી કુદરતવાળો છે, અને સલાહ લેવામાં કોઇનો ગરજવાન નથી. દરેક જગ્યાએ હાજર નાજર છે. દરેકની વાત સાંભળે છે. અને દીલોનો ભેદ શુદ્ધાં જાણુનાર છે. તેને શું પરવા કે તે કોઇને પોતાનું કામ સોંપે. અથવા કોઇથી સલાહ મનસુબો કરે. અને ફીરસ્તા કે પેગમ્બરને આ શકિત નથી કે, હુકમ વગર કાંઇ બોલી શકે. તે એકલો માલેક છે. જબરદસ્ત શકિતવાળો છે, તેનો કોઇ વજીર નથી. અને ન નાએબ. સુબહાન—અલ્લાહ! તે પોતેજ

---

[1] આ આયતની તફસીર તોહફતુલ હિંદ ગુજરાતી પૃષ્ટ ૧૨૧માં વાંચવા લાયક છે.

જે ચાહે છે તે કરે છે. એટલા માટે તેના સિવાય કોઇને હાંક મારવી લાયક નથી એવી તરેહ જો રસુલ (સલ) પોકારે તો તેમને (ખુદાએ) જાલેમ કહ્યા છે. પણ એ ઘણા જાલેમ છે કે, એથી પણ બીહીતા નથી.

અલ્લાહવાલાએ કહ્યું: "અને અલ્લાહ સિવાય કોઇને ન પોકાર કે તે ન તારૂં ભલું કરે છે. અને ન તારૂં બુરૂં. ફરી જો તું કરશે તો તેજ વખત જુલમ કરનારાઓમાંથી થશે." સુરા યુનોસ ૧૦;૧૦૫.

ફાયદો—જ્યારે હુકમ થયો કે, અલ્લાહ વગર કોઇને ન પોકાર તો એથી જણાયું કે, આ લોકોની જે ટેવ છે, ઉઠતાં, બેસતાં કદમના સરકતાં "યા રસુલુ-લ્લાહ" "યા અલી" "યા અબ્દુલ કાદેર જીલાની" "યા મખદુમ" કહે છે. અને તેઓને પોકારે છે. તો તે છાજતું નથી. તે વખતે મુનાસબ છે કે, "યા અલ્લાહ" કહે. જેમ કે બીજી જગ્યામાં હકકતાલાએ ફરમાવ્યું છે કે; "(મુસલમાનો) તે લોકો છે કે, ઉઠતાં બેસતાં અને લેટતાં અલ્લાહને પોકારે છે."[1] અને આ તો કેથે ફરમાવ્યું નથી કે, મુસલમાનો તે કે જેઓ ઉઠતાં બેસતાં "યા મોહમ્મદ" "યા અલી" કહે છે. મુસલમાનોને લાજમ છે કે, જે અલ્લાહ અને રસુલનો હુકમ હોય તે ઉપર ચાલે. પોતા તરફથી કાંઇ પણ વધારે નહિ. ઇસ્લામમાં ઘણી ખરાબી તો આથી આવી પડી છે કે, એ લોકો અલ્લાહનો, રસુલનો તો હુકમ દરિયાફત કરતા નથી, ને પોતાની નાકેસ અકલ ઉપર ચાલે છે.

અલ્લાહ તાલાએ કહ્યું: અલ્લાહનેજ સીજદો કરવો લાયક છે. તો અલ્લાહની સાથે કોઇને પોકારો નહિ." સુરા જીન્ન ૭૨;૧૮

ફાયદો—આંથી જણાયું કે, આ. જે લોકો છોકરાંઓની બીમારીમાં અથવા સખ્ત મુસીબતમાં કહેવા લાગે છે કે; "યા અલ્લાહ, યા હુસેન ખબર લીજયો." તે દુરસ્ત નથી. આ વખત મદદ માંગવાનો છે. ફકત અલ્લાહથીજ દુઆ માંગવી જોઇએ. શું તમારા અલ્લાહથી કાંઇ કામ થઇ શકતું નથી કે; જેથી બીજાની પણ ગરજ પડી. શું બુરી આદત થઇ ગઇ છે કે; અલ્લાહની સાથે બંદાઓને મેળવી દે છે. કોઇ કહે છે. "અલ્લાહ રસુલ તમારૂં ભલું કરે." કોઇ કહે છે. "અલ્લાહ મદાર તેરી મદદપર રહે." દાખલા તરીકે કોઇ શખ્સ

[1] સુરા આલે ઇમરાન ૩;૧૯૧

તમોને માન દઇ ગાદીએ બેસાડે, અને તેજ જગ્યાએ તમારી સાથે તમારા ગુલામને બેસાડે; તો વારૂ શું તમો ખુશી થશો ? જો જરા પણ અકલ હોય તો આની મતલબ સમજી લ્યો. નબી (સલ) સાહેબે ફરમાવ્યું છે કે, "જ્યારે તું કાંઇ માંગવા લાગે તો અલ્લાહ પાસે માંગ, અને જ્યારે તું મદદ માંગવા લાગે તો અલ્લાહ પાસેથી માંગ."

કેટલાક શખ્સો આ જગયામાં શુબહ કરે છે કે, જો પાક ખુદા શિવાય બીજા કોઇ પાસેથી મદદ માગવી દુરસ્ત નહિ હોય; તો જોઇએ કે; હાકેમ આગળ ફરયાદ કરવી. હકીમથી ઇલાજ કરાવવો, નોકર યા ગુલામ પાસે પાણી માંગવું. હાથમાં લાકડી રાખવી, પણ દુરસ્ત ન થાય. કેમકે એ કામોમાં પણ ખુદા સિવાય બીજી ચીજોથી મદદ માંગવાની છે. એનો જવાબ આ છે કે, હકતાલાએ એ ચીજોને એજ કામોને માટે કારણ (સબબ) ઠરાવ્યા છે. પાણીને પીવાને વાસ્તે પેદા કીધું છે. અને દવાઓને બીમારીઓ માટે; પણ મદાર સાલારને એ માટે પેદા નહિ કર્યાં કે; લોકોને અન્ન અને છોકરાં આપ્યા કરે. અને પેગમ્બરો તથા વલીયો સર્વ એ કામો કરતા હતા. એટલે હાથમાં લાકડી પણ રાખતા હતા. અને ઇલાજ પણ કરતા હતા. અને હકક તાલાએ અમોને પણ એ કામોની મના કીધી નથી. મતલબ કે ઇસ્તેઆનત અને મદદ માંગવી એવી તરેહની મના છે કે; જેમાં શીરક લાગુ પડે. અને નજર નિયાજ કરવાનો અને માનતા માનવાનો વખત આવે.

અલ્લાહ તાલાએ કહ્યું: "જેમની ખબર નથી એવાઓ માટે તેઓએ અમારી આપેલી રોજીમાંથી એક હીસ્સો ઠેરવ્યો છે. ખુદાની કસમ તમને પુછ કરવામાં આવશે, જેની કલ્પના કરતા હતા. તેની." સુરા નહલ ૧૬;૫૬

ફાયદો—આ તે લોકોને માટે ફરમાવ્યું કે, જેઓ ખેતરમાં જાનવરોમાં, અને સોદાગરીમાં અલ્લાહ તાલા સિવાય કોઇની નજર માનતા ઠરાવતા હતા. જેવી રીતે આગલા લોક (હતા) તેવા હમણા પણ મોજુદ છે. જાનવરોનો હીસ્સો (ઠેરવે છે.) જેમ સૈયદ અહમદ કબીરની ગાય, શેખ સદદુનો બકરો. અને મદારશાહની મરઘી. અને ખેતરમાંથી તથા વેપારમાંથી પણ શાહ અબ્દુલ કાદેર જીલાની અને મદારની ચપટી કહાડે છે. અને

ઇમામ જામેન (રદી)નો પૈસો બાજુએ બાંધે છે. તો તેણે ફરમાવ્યું કે એ સર્વ અલ્લાહનો માલ છે. એમાં બીજા કોઇનો હક્ક નથી તેના હુકમ વગર બીજો કોઇનો હીરહો પોતા તરફથી ન ઠેરવો, હા. આ બેશક દુરસ્ત છે કે, એને અલ્લાહની નજર કરો. અને તેનો જે સવાબ તમને મળે છે, તે તેમની રૂહને બખ્શીદો. પણ નામ ઠેરવવું કે આ ચીજ ફલાણા બુજરૂગની છે એ મના છે.

બીજી ફસલમાં શિરક કરનારાઓની બુરાઇનું બ્યાન છે.

અલ્લાહ તાલાએ ફરમાવ્યું છે; "તેઓ અલ્લાહના સિવાય જેને પોકારે છે. તેઓ કાંઇ પેદા કર્તા નથી. પણ ખુદ પેદા થાય છે. મુરદાં છે, અજીવ છે. અને તેઓને ખબર નથી કે, ક્યારે કબરોમાંથી ઉઠાવાઇશું." સુરા નહલ ૧૬;૨૦, ૨૧

ફાયદો—આ જગ્યામાં હકકતાલા મુશરેકોની હીમાકત અને નાંદાની બ્યાન કરે છે. એટલે મદદ માગવા અને પોકારવાને લાયક તો તે શખ્સ છે કે, જેણે કાંઇ પેદા કીધું હોય; અને જીવતો પણ હોય; (પણ) મુશરેક એવા બેવકુફ છે કે; જે મરેલા છે જેમાં જીવ નથી અને તે બીજાને શું પેદા કરે; પણ પોતેજ પેદા થયલા એવાઓને પોકારે છે. એવીજ તરેહ અમારા જમાનામાં જાહેલ મુસલમાન મરેલા બુજરૂગોથી હાજત માગે છે. પણ સમજતા નથી કે, તેઓ પોતે પોતાના જીવવા મરવામાં બીજા કોઇના ગરજવાન છે. તે બીજાઓની શું મદદ કરશે. મીસલ છે કે, "પીર ખુદહી દરમાંદે શફાઅત કીસકી"

કેટલાક જાહેલ જે પોતાને લાયકીવાળા સમજે છે. તેઓ એમ કહે છે કે, ખુદાના પેગમ્બર (સલ)ના વખતમાં અરબના કાફેરો બુત પુજતા હતા, અને તેમની મદદ માંગતા હતા. તો અલ્લાહ સુબહાનહુ એ કુરાનમાં બુતોની મદદ માગવાથી બેશક મના કીધી. પણ ઓલીયા અને અંબીયાઓથી મદદ માંગવાની કાંઇ મના કરી નથી. એનો જવાબ આ છે કે, હક્ક તાલાએ જ્યાં શીરકની મના કરી છે. ત્યાં શબ્દ "મીનદુનીલ્લાહ"નો ફરમાવ્યો છે. એટલે ખુદાના સીવાય કોઇની મદદ ન માંગો. અને કોઇને ન પુંજો. તો એમાં સર્વ બુત, વલીયો, અને અંબીયાઓ પણ આવી ગયા, પણ કોઇ આયતમાં એમ ફરમાવ્યું નથી કે, તમો પોતાની હાજતો બુતોથી ન માંગો. અને મારા પીર પેગમ્બરોથી માંગો. પણ તેમ ન કરતાં પોતાની પાક જાત વગર બીજો કોઇ પણ હોય તે સર્વથી (મદદ માંગવાની) મના કીધી છે. અને મદદ તો તેથી માંગે કે, જેને કાંઇ પણ અધિકાર હોય. પણ હકકતાલા તો પહેલી આયતમાં સાફ બ્યાન કરી ચુકયો છે કે, પેગમ્બર જેવાને પણ પોતાના જાનનો પણ કાંઇ અધિકાર નથી. બાપડા મદાર સાલરાને કોણ પૂછે. અલ્લાહની સામે આજેજ થવામાં, અખત્યાર થવામાં, અમો, વલી, અને પેગમ્બર સર્વ બરાબર છીએ. હા, રૂતબામાં ઘણો ફરક છે. તેઓ (ખુદાના) મકબુલ છે, અમો ગુનેહગાર છીએ. તેવણ અમારા નબી, સરદાર છે, અને અમો તેમની ઉમ્મત ફરમાબેરદાર છીએ. જેમકે અદના સિપાઇ અને સુબેદારના રૂતબામાં આસમાન જમીનનો ફરક છે. પણ નોકર થવામાં બન્ને બરાબર છે.

અલ્લાહ તલાએ કહ્યું: "હવે કુફર કરનારાઓ શું સમજી ગયા છે કે તેઓ મારા સિવાય મારા બંદાઓને હીમાયતી કરે છે. અમોએ કુફર કરનારાઓ માટે દોજખની મહેમાની તૈયાર કીધી છે." સુરા કહફ ૧૮;૧૦૨

ફાયદો—હજરતના વખતમાં કાફરો બે તરેહના હતા. તેમાંના ઘણા બુતોને પુંજતા હતા. અને કેટલાક પેગમ્બરોની રૂહને જેમકે હજરત ઇસા અને હજરત ઓઝેર (અલે)ની રૂહને પુંજતા હતા. અને તેથી મતલબો માંગતા હતા, તો અલ્લાહતાલાએ બંનેને કાફર કહ્યા, અને એ આયતમાં તેઓને ગુસ્સાથી ફરમાવ્યું કે, એ લોક ઘણા બેવકુફ છે. મારા બંદાઓને મારા સિવાય પોતાના હીમાયતી ઠેરવે છે. એટલે વલીયો અને પેગમ્બરો જો કે; પાક લોક છે. પણ આખર મારા બંદા છે, મારા છતાં તેઓથી હીમાયત આ હવી ક્યારે લાયક થાય? વારૂં, ધ્યાન તો કરો કે, મીયાં (માલેક) છતાં મીયાંની ચીજને તેના ગુલામ પાસે માંગવી એ કેવી મોટી નાદાની છે. પણ એમ જાણવું જોઇએ કે, વલીયો અને ન

નબીઓના એક તરેહનો વસીલો પકડવો દુરસ્ત છે. ખુદાની હજુરમાં એમ અરજ કરે કે, "ઇલાહી મોહમ્મદ મોસ્તફા (સલ)ની તોફેલથી યા અલી મુરતજાના તસદદોકથી મારી ફલાણી હાજત પુરી કર." એ તરેહ વગર હરગીજ દુરસ્ત નથી,

અલ્લા તલાએ કહ્યું: "ઓ લોકો ! એક મીસાલ (દૃષ્ટાંત) કહેવાઇ છે. તેને સાંભળો. ખુદા વગર જેને તમો પોકારો છો તેઓ એક માખી પણ બનાવી શકતા નથી. જો તેઓ બધા ભેગા થાય તોએ અને જો માખી તેઓ પાસેથી કાંઇ છીનવી લે તો તેથી તેઓ તેને છોડાવી શકે નહિ. માંગનારો અને જેની પાસેથી માંગે છે (તે બંને) કમજોર છે અલ્લાહની કદર જેવી જોઇએ તેવી તેઓએ બુજી નથી, બેશક અલ્લાહ જોરાવર જબરદસ્ત છે." સુરા હજ્જ ૨૨;૭૩,૭૪

ફાયદો—એટલે જે લોક અલ્લાહ વગર બુતોથી આ પીરોથી મુરાદો માંગે છે. (તેઓ વિષે) અફસોસ છે કે; અલ્લાહની કદર જેવી જોઇએ તેવી તેઓ સમજતા નથી, જો સમજતા હોત તો અલ્લાહ જેવા જબરદસ્ત જહાનનાં પેદા કરનારના છતાં આ બીચારા બેતાકાતવાળા, કે જેઓથી એક માખ જેવી બની શકતી નથી, તેઓ પાસેથી શા માટે હાજતો માંગતે. જે કોઇ બાદશાહના છતાં ફકીર પાસે ભીખ માંગે તેની સમજ ઉપર ખાક પડો.

અલ્લાહ તાલાએ કહ્યું: "અને જે લોક અલ્લાહ વગર શરીકો (ભાગ્યાઓ)ને પોકારનાર છે, તેઓ ખ્યાલોનીજ પાછળ પડયા છે. અને તેઓ અટકળોનેજ દોડાવે છે." સુરા યુનોસ ૧૦;૬૫

ફાયદો—એટલે જે કોઇ અલ્લાહ વગર બીજા કોઇને મદદ માટે પોકારે છે; તેઓ તદન અક્કલથી ખાલી છે. (અક્કલ વગરના છે) બુત પૂજકો આટલું તો સમજતા નથી કે, આ બુત તો પત્થર છે, એઓની આગળ જે ગાય છે, વગાડે છે અને હાજતો માંગે છે, પણ તેઓ શી રીતે સાંભળશે ? પોતે (બુતો) તો (અમુક) જગ્યાથી હાલી ચાલી શકતા નથી. તેઓ અમારી મદદ શુ કરી શકશે. એવીજ તરેહ જાહેલ મુસલમાનોને માંકપણ લાગ્યુ છે કે, બુજરગોની કબરોને પૂજવા લાગ્યા છે અને એઓ સમજે છે કે, નબીઓ, વલીઓ ખુદા તાલાના કારખાનામાં મુખ્તીયાર છે. જેને ચાહે છે તેને આપે છે, આ સમજતા નથી કે તે બંદાઓ પોતે દરેક ચીજમાં ખુદાતાલાના મોહતાજ હતા. તેઓ કયાંથી મુખ્તીઆર થઇ ગયા. અને એવીજ તરેહ કેટલાક મરદોએ અને ઓરતોએ પોતાના ખ્યાલથી જીન્ન, પરીને તરાશા (કલ્પયા) છે દરિયાપરી, શાહપરી, આસ્માનપરી, એવા એવાં તેઓનાં નામ પાડયાં છે. જો કોઇ એ અહમકોને પુછે કે, તમોએ શું તેઓને તમારી આંખોથી જોયાં છે. અથવા શું ખુદા, રસુલે તમને બતાવ્યાં છે ? તમો તેને કયાંથી સમજયા કે તેઓને પુંજવા લાગ્યા. આ જગ્યાથી જીન્નોની હસ્તિનો ઇનકાર કોઇ સમજે નહિ. કેમકે જીન્નોની હસ્તિની સાબેતી તો કુરાનથી છે પણ શાહપરી, આસ્માન પરી જે નામો પોતાના તરફથી ઠેરવ્યા, અને તેની માનતા માને છે, તેમાં તકરાર છે. એવીજ તરેહ હિંદુ, જાહેલ મુસલમાનોની ઓરતો. અને કેટલાક જાહેલ મુસલમાન ઓરતના ગુલામ શીળીની બીમારીમાં પોતે પણ બુત પુંજે છે. અને બ્રાહ્મણને પણ બોલાવે છે. અને જો એમ થયા કરત કે, મુસલમાનોના છોકરા શીળીના રોગમાં મર્યા કરતે, અને હિંદુઓના જીવ્યા કરતે તો છોકરાવાળો મુસલમાન બુત પુંજવા વગર શાયદ બાકી રેહતે. આ સમજતા નથી કે, જેવી ગરમીની બીજી બીમારીઓ છે તેવી શીળી પણ છે. આને અને મુરદારદેવી ભવાનીને સંબંધ શો ? મતલબ કે અલ્લાહ તાલાએ સાચું ફરમાવ્યું છે કે, જે લોકો શિરક કરે છે, તેઓ મોટા ગધેડા હોય છે. તેઓ ફકત પોતાના વહેમ અને ખ્યાલપર ચાલે છે. એઓની પાસે ન કોઇ દલીલ છે. અને ન કોઇ સનદ છે. હકીકતમાં જો એઓ અહમક ન હતે તો ખુદા જેવા માલીકને મુકી અહીં તહીં કેમ ભટકતે.

અલ્લાહતાલાએ કહ્યું: "તું કહે (ઓ મોહમ્મદ (સલ) મુશરેકોને) વારૂં જુઓ તો અલ્લાહ વગર જેને તમે પોકારો છો. મને તમે દેખાડો કે, તેઓએ જમીનમાં શું પેદા કર્યું છે ? શું આસ્માનમાં તેઓનો ભાગ છે ? આ કુરાન પહેલાની કોઇ કીતાબ અથવા ચાલ્યો આવેલો ઇલમ તમો મારી પાસે લાવો, જો તમો સાચા છો." સુરા અહકાફ ૪૬;૪

ફાયદો—જેમ આ લોકથી આ પુછાય

હતું તેમ આ વખતના લોકોથી પુછવુ જોઇએ કે, અકલની આગળ તા તેથી માંગણી કરીએ કે જેની જાહેરમાં કાંઇ કુદરત પણ દેખાતી હોય, તમો જે ઇમામ, પીરથી મદદ માગો છો તે શુ સમજીને ? વારૂ બતલાવો કે હજરત અબ્બાસે (રદી) કયુ આસ્માન પેદા કીધું ? અને અબ્દુલ કાદેર જીલાનીએ (રહ) કયો દરિયો વહેતો કીધો ? અને સૈયદ સાલારે (રહ) કઇ માખી બનાવી ? અને શાહ મદારે (રહ) કઇ કીડી પેદા કીધી? અને જ્યારે એઓથી કાંઇ બની શકતું નથી તો પછી તમો કેમ ગુમરાહ થયા? અને કેમ તેઓથી મુરાદો માંગવા લાગ્યા. અને કુરાન મજીદથી કઇ કીતાબ વધારે છે કે, જેપર તમો ચાલો છો? અથવા આ બુજરૂગોએ તમને કહ્યું છે કે, અમો મોટી કુદરતવાળા છીએ, અમારાથી તમારી હાજતો માગ્યા કરજો, અમારા ઝણડા, નિશાનો ચઢાવ્યા કરજો. ખુદા વાસ્તે જરા તો આંખો ખોલો, હોશ સભારો, તમારી પાસે એ વિષે કાઇ સનદ છે ?

ઘણા નાદાનો એવી વાત સાંભળીને કહે છે કે, અમો જે અમારા પીરોથી માંગીએ છીએ તો અમારી ગરજ સરે છે જુઓ ફલાણી વખતે અમોએ શાહ મદારથી છોકરો માગ્યો હતો તો અમોને મળ્યો, અને એકવાર નાવડી ડુબવા લાગી તો અમોએ સૈયદ સાલારને બુમ પાડી તો તેવણે બચાવી લીધા. તો એવી વાતોથી અમોને જણાયું કે, તેઓને મોટી કુદરત છે. એનો જવાબ આ છે કે, જેવી રીતે તમો કહો છો તેવી રીતે હિદુઓ પણ કહે છે કે, જે મુરાદો અમો ભવાની દેવીથી માગીએ છીએ તો તે અમાને મળે છે. તો જોઇએ કે તેને પણ તમો પૂજો કે, જેવી તમારા પીરોને કુદરત છે તેવી બુતોને પણ છે. ઇલાહી તોબા ! શૈતાને કેવા ગુમરાહ કર્યા છે કે, અસલ વાતને તદન સમજતા નથી પણ તેની આવી તરેહની મીસાલ છે કે, જેમ એક નાનો છોકરો દુધ પીવાને લીધે પોતાની દાઇ સાથે હળી ગયો છે. માઠાઇ વગેરે જે ચીજને તે છોકરાનો જીવ ચાહે છે તે પોતાની દાઇને કહે છે, અને બાપ જાણે છે કે, દાઇ દરેક ચીજ ક્યાંથી લઇ શકશે. જેથી તે પોતે તેને લઇ આપે છે. એ છોકરો સમજે છે કે મને મારી દાઇએ આપ્યું. તો એવીજ તરેહ અલ્લાહની તો પોતાના બંદા ઉપર બાપથી પણ વધારે મહેરબાની છે. અને તેની હાજતોને ખુબ જાણે છે. જેથી તે પોતાના કરમથી બર લાવે છે. કમબખ્ત હિંદુ તેને બુતોથી સમજે છે. અને ગૈર હેલ મુસલમાન પોતાના પીરોથી. પણ મુનસફીકી વાત આ છે કે, "જેનુ ખાઇએ તેનું ગાઇએ."

અલ્લાહ તઆલાએ કહ્યું "અલ્લાહ સિવાય એવાને જે પોકારે કે, તે તેની ફરીયાદને કયામત સુધી પોહોંચે નહિ. તેથી વધારે ગુમરાહ કોણ છે? અને તેઓ તેઓના પોકારથી અજાણ છે. અને જ્યારે (કયામતમા) લોકો જમા થશે તો તે (બુતો વગેરે) તેઓના દુશ્મન થશે અને તેઓના પૂજવાથી નકાર કરનાર થશે" સુરા અહકાફ ૪૬; ૫.

ફાયદો એટલે અલ્લાહ સિવાય કોઇને કંઇ અખ્તીયાર નથી. ત્યારે જે લોકો બુતો અને બુજરૂગોની પાસે માગે છે, તેઓ જો કેયામત સુધી પોકારયા કરે તો તેઓથી કાઇ બનવાનું નહિ. અને મદદ તો તે શખ્સ કરે કે, જેઓને એમના હાલની કાંઇ ખબર હોય, તો અલ્લાહતઆલાએ ફરમાવી દીધું કે, તેઓને આ લોકોના પોકારવાની ખબર પણ થતી નથી કે, કોણ અમારી પાસે ફરિયાદ કરે છે. એટલે ગેબની વાત જાણવી, અને દરેક જગ્યા હાજર નાજર રહેવું, એ અલ્લાહની શાન છે. બંદા અગર જો પેગમ્બર હોય પણ અલ્લાહના બતાવ્યા વગર શુ જાણે લોકો અજબ નાદાન છે કે, (સેંકડો) કોસ અને મંજલોથી બુજરૂગોને પોકારે છે. કે ઓ ફલાણા હજરત ! અમારી મદદ કરો. પણ તેઓ આટલુ સમજતા નથી કે, તેઓ આટલે દુરથી શી રીતે સાંભળશે શુ તેઓ જગતમા ફરતા ફરે છે અથવા ખુદાની પનાહ શું તેઓ ખુદા છે કે બધી જહાનમાં હાજર નાજર રહે છે. જીવતા હતા ત્યારે તો આઘેની વાત સાભળતા નહોતા. હવે મરવા પછી ખુબ સાભળવા લાગ્યા અને તાજુબની વાત તો આ છે કે, લોકો દુનિઆંમાં ખુદા સિવાય જેને પોકારતા હતા કે નિયાજ માનતા હતા, તેઓની પાસે કેયામતમા જશે. હકતઆલા ફરમાવે છે કે, તેઓ તેઓથી ગુસ્સે થશે અને કહેશે કે તમો જુઠા છો, અમોએ તમોને કયારે કહ્યું હતું કે તમો પોતાની મતલબો અમારી પાસે માગ્યા કરજો ? વારૂ બતાવો કે આ

ઓએ એને કઇ કીતાબમાં લખ્યું છે ? અમારી શું મકદુર કે, અમો અલ્લાહ તઆલાના કારખાનામાં દખલ આપીએ ? અમારી બલાથી જેવું તમારૂ કીધેલું તેવું તમો ભોગવો.

કેટલાક નાદાન જ્યારે આ સાંભળે છે કે, અલ્લાહ તઆલા સવાય કોઇ નબી વલીને ગરજ સારવાની શક્તિ નથી તો કહે છે કે આ લોકો બુજરગોથી નકાર કરનાર તથા બેઅકીદા છે તેનો જવાબ આ છે કે, ખુદાની પનાહ (નઆઉજબીલ્લાહ) અમો તેઓથી બે એતેકાદ નથી. આટલું જાણીએ છીએ કે, તેઓ ખુદાના મકબુલ બંદા છે. તેમને પણ ખુદાની ગુલામી અને ફરમાબરદારીથી મરતબો મળ્યો છે, પણ તમારી માફક અમો ખુદા તઆલાના કામમાં તેઓને મુખ્તીયાર જાણતા નથી અને ખરી વાત આ છે કે જેની સાથે જે કોઇ મોહબ્બત અને અકીદો રાખે છે. તો તે તેનો માર્ગ અખત્યાર કરે છે તો જો તમોને નબીઓ (અ૦) સાથે તેવો સાચો અકીદો હતે તો તમો તેઓના ફરમાન ઉપર ચાલતે અને પોતાના તરફથી તેઓના વગર હુકમે કાંઇ કલ્પના કરતે નહિ.

સર્વ જાહેલોની એવી ટેવ છે કે જ્યારે કાંઇ જવાબ બનતો નથી, અને તકરારમાં બંધ થાય છે તો આજેજ થઇને છેવટમાં એમ જવાબ આપે છે કે, આ જે તમો કહો છો કે, અલ્લાહ સિવાય કોઇ પેગમ્બર પાસે મુરાદો માંગવી દુરસ્ત નથી એ વાત તો નવી . અમોએ અમારા બાપદાદાથી કદી સાંભળી નથી શુ પહેલાં આલેમ ફાજલ નહોતા ? તમો શુ નવા પેદા થયા છો ? એનો જવાબ આ છે કે, અમો એ બાબતમાં કુરાનની આયતો બયાન કરીએ છીએ કે જે કુરાન હજરત ઉપર ઉતરવાને બારસો વર્ષ થયાં છે. અને જે ઇમામો અને પીરોથી તમો લાગો છો, તેઓ પેગમ્બર (સલ) પછી પેદા થયા છે. જરા ગુસ્સાને રોકો ઇન્સાફ કરો કે હવે તમારી વાત નવી છે કે અમારી ? અને દરેક વખતના આલેમ ફાજેલ શિરકની બુરાઇઓને કીતાબોમાં લખતા આવ્યા છે. આજ સુધી કોઇ દીનદાર આલેમે કહ્યું નથી કે, અલ્લાહ વગર કોઈ વલી યા નબીથી પણ મદદ માંગવી દુરસ્ત છે અને કુરાનથી વાકેફગાર આલેમ કદી કહેશે પણ નહિ. અને જો તમોને અમારા કહેવામાં કાંઇ શક હોય તો કોઇ આલેમ ફાજેલથી આ આયતોના માયના પુછો. જુઓ, તે પણ એજ અર્થ બયાન કરે છે, અથવા કોઇ બીજા શીયા સુન્ની સર્વે એ બાબતમાં એકમતે છે શિરકમાં કોઇને વાંધો નથી અને તમો તમારા બાપદાદાથી સાંભળો શું ? જેવા તમો જાહેલ છો, અને કુરાન હદીસના માયના જાણતા નથી. તેવાજ તેઓ પણ હશે "વારૂ આંધળો પણ કેથે આંધળાને માર્ગે લગાડે છે ?" અને ઇન્સાફ તો આ છે કે, અમો હજરત મોહમ્મદ (સલ) ઉપર ઇમાન લાવ્યા છીએ. કંઇ બાપદાદા ઉપર ઇમાન લાવ્યા નથી કે, તેઓની વાત માનીએ. જો બાપદાદાનો માર્ગ પેગમ્બરને મુવાફેક હોય તો અમો તેના તાબેદાર છીએ. અને નહિ તો મોહમ્મદ (સલ) ને રસ્તે ચાલીશું કે જેવણનો તરીકો સર્વ તરીકાથી બહેતર છે, વારૂ અમો તમોને પુછીએ છીએ કે, જો તમારા બાપદાદા કંગાલ, હોય, રોટીના મોહતાજ હોય, અને તમને ખુદાએ પોતાના કરમથી માલ અને દોલત આપી હોય તો તમો તે માલને રાખશો, અથવા ફેંકી દેશો ? કે અમારા બાપદાદાની પાસે માલ નો નહોતો જેથી અમોને પણ લેવું નહિ જોઇએ. સુબહાન લાહ ! દીનને કબુલ કરવામાં તો બાપદાદા યાદ આવે છે અને માલ લેવા તૈયાર અને અજબ ઇન્તેકાદ (મળતાપણુ) છે કે જેવી રીતે હમણાંના જાહેલ મુસલમાનો બાપદાદાની રીત રીવાજને દલીલ પકડે છે અને મના કરનારને જવાબ આપે છે, તેવાજ મક્કાના કાફેરો ખુદાના પેગમ્બર (સલ)ને જવાબ આપતા હતા જેમકે એનું બયાન આ આયાતમા છે.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: "અને જ્યારે તેઓને (કાફેરોને) કહેવાય કે ખુદાએ જે ઉતારયું તેની પૂઠે લાગો તેઓ કહે છે ના, અમો તેની તાબેદારી કરીશું કે જેના ઉપર અમોએ અમારા બાપદાદાને જોયા અને વારૂ, તેઓના બાપદાદા કાંઇ અક્કલ રાખતા ન હોય, અને કાંઇ માર્ગની ખબર નહિ રાખતા હોએ તોએ !" સુરા બકર ૨:૧૭૦

ફાયદો—એટલે બાપદાદાની તાબેદારી તેટલે દરજ્જે બેહતર છે કે, જેમાં જહાલત ન હોય,

અને જ્યારે જણાય કે, તેમની રીત તદ્દન ખુદાના હુકમને વિરૂદ્ધ છે તો ફરી તે પર કદી ચાલવું નજ જોઇએ. શું ગજબની વાત છે કે, મોહમ્મદ (સલ)નો તો કલેમો ભણીએ. અને શેખ સદદુને માર્ગે ચાલીએ.

અલ્લાહ તઆલાએ કહ્યું: "અને જ્યારે એકલા અલ્લાહનું નામ લેવાય તો આખેરત ઉપર ઇમાન ન લાવનારાઓના દીલો રૂંધાઇ જાય છે. અને જ્યારે તેના સિવાય બીજાઓનાં નામ લેવાય તો ફરી તેઓ ખુશી થાય છે." સુરા ઝોમર ૩૯;૪૫

ફાયદો—અફસોસ છે કે, હમણાના જાહેલ મુસલમાનોને પણ આગલા કાફેરોના જેવી આદત થઇ ગઇ છે કે, ફક્ત અલ્લાહના જીકરથી એઓ પણ ખુશ થતા નથી. અને જ્યારે તેઓને કહે કે ખુદા વગર કોઇને કાંઇ અખત્યાર નથી, અને કોઇની નજર માનતા કરવી દુરસ્ત નથી. તો મ્હોં કડવું કરીને સુન્ન થઇ જાય છે. અને જ્યારે ખુદા તઆલા સિવાય મદાર સાલારના ઝુંડાની નિશાનની જીકર આવે છે, ત્યારે રાજી થાય છે.

કેટલાક કુરાનથી અજાણ કહે છે કે નબીઓ, વલીઓ આપો આપ (મુસતકલ) પોતે માલેક તો નથી. પણ માનતા માનીને તેમની નજર સુપ્રત કરીએ. અને હાજતો માગીએ આવી નૈયતથી કે, એઓ અલ્લાહના હુકમથી જગતની ગરજો પૂરી કરે છે તો દુરસ્ત છે. એનો જવાબ આ છે કે, જો તમો સાચા છો તો કોઇ આયતથી અથવા કોઇ હદીસથી એ વાતને સાબેત કરો કે, (ખુદાએ કહ્યું: હોય કે) મેં નબીઓને, વલીઓને પોતાના તરફથી મુખત્યાર કર્યા છે. મારા હુકમથી પાણી વરસાવે છે ઓલાદ આપે છે બીમારોને સારાં કરે છે તેમની માનતા કરીને લોકો નજર નીયાજ કર્યા કરે. અને જ્યારે કુરાન હદીસમાં નથી તો પોતાના તરફથી કહેનાર થયા, પણ ભૂડું કરનાર થયા. મુસલમાનોને લાજમ નથી કે, પોતાની અલ્પ બુદ્ધિ (નાકેસ અકલ)થી દીનમાં દખલ દે હા, અલબત, હક્તઆલાએ ફરમાવ્યુ છે કે, ફીરસ્તા ઘણાંખરાં કામો ઉપર મુકરર થયા છે પણ આ અખત્યાર તો તેમને પણ નથી કે, જે ચાહે તે કરે. જે જે કામ ઉપર જેવો હુકમ થાય છે, તેવું તેઓ કરે છે. હવે કોઇ શખ્સ ફીરસ્તાઓને મુકરર થયલા જાણી કાંઇ માંગે તો તેની નાદાની છે. કારણ કે, એઓ તો તદ્દન અખત્યાર છે. હુકમને તાબે છે. અને આ જાણવું જોઇએ કે હજરત (સલ)ના વખતમાં મુશરેકો પણ કહેતા નહોતા, કે બુતો ખુદાની બરાબર છે. તેઓ પણ આજ કહેતા હતા કે, સર્વનો માલેક અલ્લાહજ છે. પણ બુતો અમારી ભલામણ કરનાર છે તેના હુકમથી અમારી હાજતો પૂરી કરે છે. જેમકે તે આ આયતમા બ્યાન થયુ છે:—

અલ્લાહ તઆલાએ કહ્યું: "અલ્લાહનેજ માટે ચોખ્ખી બંદગી છે. અને જેઓએ તેના વગર બીજાઓને હીમાયતી કરી લીધા છે. (તેઓ કહે છે કે) અમો તેઓને આ માટે પૂજીએ છીએ કે, તેઓ અમોને ખુદાની તરફ પાસેના દરજ્જાએ પોહોંચાવે." અને એવીજ તરેહ બીજી આયતમાં છે. અલ્લાહ તઆલાએ કહ્યુ "અને તેઓ પૂજે છે ખુદા વગર બીજાને કે, જેઓ ન તેઓને નુકશાની આપે. અને ન તઓને લાભ આપે. અને કહે છે કે, એઓ અમારા સીફારસી છે ખુદાની આગળ તું કહે (ઓ મોહમ્મદ (સલ) શું તમો ખુદાને ખબર આપો છો જેની તેને ખબર નથી કેથે ન આસ્માનમાં અને ન જમીનમાં. તેને પાકી છે. અને જે શિરક કરો છો તેથી તે દુર છે" સુરા યુનોસ. ૧૦,૧૮

ફાયદો—આ બંને આયતોથી સાફ જણાયુ કે, અરબના કાફેરો બુતોને ખુદાની બરોબર સમજતા નહોતા પણ તેઓને કારીનદા તથા મુખત્યાર સમજીને તેઓની નજર નિયાજ (માનતા) કરતા હતા. તો ખુદા તઆલાએ તેને પણ શિરક ફરમાવ્યું. સુબહાન—લ્લાહ ! જે શિરકને મટાડવા કુરાન શરીફ ઉતરયુ, અને ખુદાના પેગમ્બરો કાફેરોથી લડયા, તેજ શિરક હમણાના જાહેલ મુસલમાનો પણ કરવા લાગ્યા. (બનેના) ફરક આટલો છે કે, તે કાફેરો બુતોથી હાજતો માંગતા હતા. અને હમણાના લોકો બુતોથી તો માંગતા નથી, પણ પીરોથી માગે છે તેની તેજ મીસાલ છે કે, 'ગાય બંને રીતે મરે કસાઇથી છુટે તો વાઘને પાલવે પડે.[1]' જેમ કાફેરો કહેતા હતા કે

૧ કોઈ માણસ એમ કહે કે, મોલવી સાહેબ પીરને અને બુતને સરખા ગણ્યા તેનો જવાબ કે મોલવી સાહેબ બંનેને સરખા ગણતા નથી પણ એ

સર્વનો માલેક અલ્લાહ છે. અને ફરી તેને છોડીને બીજાઓથી મદદ માંગતા હતા. તેમજ આ લોકો પણ. મતલબ કે શેતાન માણસનો જાની દુશ્મન છે. તે સારૂ કદી ચાહતો નથી કે, આદમી અલ્લાહ સુધી પોહોચે. કોઇને બુતના પાસે અટકાવે છે. અને કોઇને પીરની પાસે. મુળ મતલબથી બંને આઘા પડયા.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું. "અલ્લાહે એક મિસાલ બયાન કીધી. એક એવો શખ્સ છે કે જેમાં કેટલાક ભાગીદાર જુદાઓ છે. અને એક શખ્સ એવો છે કે, પુરો એક શખ્સનો છે. વારૂ, શું તે બંને બરાબર છે મીસાલમા? સર્વે તારીફ અલ્લાહનેજ માટે છે. પણ ઘણા લોક જાણતા નથી." સુરા જોમર. ૩૯;૨૯

ફાયદો—જે શખ્સ કંઇએકનો ગુલામ હોય તેને પોતાનો કોઇ નહિ સમજે તો તેની પુરી ખબર પણ કોઇ ન લે. અને જો તે ગુલામ કોઇથી કંઇ માંગે તો તે એક બીજા ઉપર નાખે કે બીજાઓથી પણ માંગ. શું તું એકલો મારોજ ગુલામ છે. અને જે શખ્સ એકનો ગુલામ હોય તો તે તેને પોતાનો સમજે છે અને તેની પુરી ખબરદારી રાખે છે. કેમ કે માલેક જાણે છે કે, મારા વગર એને કોણ છે. જે કોઇ અલ્લાહનેજ પોતાનો માલેક જાણે અને તેના વગર બીજા કોઇથી મદદ નહિ માગે, અને જે કંઇએકથી આશા રાખે તેની અલ્લાહ તઆલાએ આ મીસાલ બયાન કીધી છે. હકીકતમાં શિરકવાળાને મોટી મુસીબત છે. તેનું દીલ ચોમેર વહેંચાયલું છે. કદી શાહમદાર (રહ) ને કહે છે. કદી સૈયદ સાલારની વિનંતી કરે છે. કદી હજરત અબ્બાસની આગળ નાક ઘસે છે. અને કદી કહે છે કે, સૈયદ અબ્દુલ કાદેર જીલાની મોટા પીર છે. લાવો હું તેમની માનતા માનું. તેવણુજ મારાપર કર્મ કરશે. અને જે માત્ર અલ્લાહનીજ આશા રાખે છે, તે ઘણા ચેનમા તથા ઘણા આરામમાં છે. એણે એક મોટા માલેકના દરવાજો પકડેલો છે. એ સારી રીતે જાણે છે, કે નબી, વલી સર્વ તેના બંદા છે. કોઇને કાંઈ અખત્યાર નથી. એનું ધ્યાન કોઈના તરફ જતું નથી. અને જો કે શિરક કરનારાઓની આકેબત તો બરબાદ થઇજ છે. પણ શિરક કીધાથી તેમનુ દુનયામાં પણ ઘણું નુકશાન છે કે, દુર દુરની મંજલોથી ખરચ કરીને, કબરો પૂજવાને જાએ છે. અને હજારો રૂપીઆ નજર નીયાજમાં ખરચે છે. તો આકેબત પણ ખોઇ, અને દુનિયામાં પણ તેઓની તેજ મીસાલ છે કે; "દોનો દીનસે ગએ પાંડે, નઇધર હલવા ન ઉધર માંડે."

અલ્લાહ તઆલાએ કહ્યું: (ઓ લોકો)? મારી પાસે માંગો તો હું કબુલ કરીશ." સુરા મુમેન ૪૦,૬૦. એટલે મને બાદશાહ અથવા હાકેમોના જેવો સમજવો નહિ. કે સલતનત (રાજ્ય) અને સરદારીની મગરૂરીમાં ગરીબની વાત સાંભળતા નથી.[1] હું સર્વ જહાનનો માલીક છતા મારી સીફત કરીમ અને રહીમ છે. હું દરેક આલા અદનાની વાત સાંભળું છુ તમને જે હાજત થયા કરે, તે મને કહ્યા કરો, હું પોતાના કરમથી તમારી દુવા કબુલ કરીશ.

ફાયદા—ભાઇઓ! ખ્યાલ કરો કે, અલ્લાહ તઆલા લોકોને પોતાની તરફ બોલાવે છે અને આ નાદાન લોક કયા બહેકતા જાય છે.

દ્રષ્ટાંત—છે કે, એક માણસનો પૈસો ખુલ્લી રોશનીમાં મેદાન વચ્ચે પડયો. હવે જો તે માણસ દીવો લઇને શોધવા લાગે તો લોક તેને કહેશે કે આ માણસ મોટો અહમક (મુર્ખ) છે. કે સૂર્યની રોશની હોવા છતાં દીવો લઇને ફરતો ફરે છે. એવીજ તરેહ તે લોકો અહમક છે કે, અલ્લાહ જેવો દાતા છતાં બીજાઓ પાસે હાજતો માંગે છે. અને આંધળાના પેઠે દરેક તરફ ભટકતા ફરે છે. અલ્લાહ એવો કરીમ છે કે તમો પ્રથમ કાંઇ નહોતા ત્યારે તેણે તમોને પેદા કીધા. જો તે (તમને) સુવર અગર કુતરો બનાવતે તો, તમો શુ કરતે. પોતાના કરમથી તેણે તમને માનવ બનાવ્યા ફરી તમારે વગર કહે, રૂહ, દીલ, હાથ, પગ, આંખ, નાક, કાન, તમને આપ્યાં. એક આંખ એવી

મ કહે છે કે, બમાથી કોઇના બંદગી કીધી કે, દમાન લાવ જે દાખલા તરીકે એક રોજદાર માણસ જો ગુ ખાશે તો તેનો રોજો જશે. અને મીઠાઇ ખાશે તો તેનો રોજો જશે. તો શુ એથી મીઠાઈ અને ગુળ સરખા થશે?

(૧) અગિયાર મજલેસની શેઅરો કે જેમા લખેલું છે કે, ખુદા અને રસુલ પાસે માગવામાં લાભ નથી માટે હજરત પીરથી ગરજ માગવી. તેનો રદીઓ હજરત પીરનીજ કીતાબ "ફેતુહુલ ગેબ" કરે છે.

નેઅમત છે કે જો કોઇ તમને લાખ રૂપીઆ આપે, અને તમારી પાસે આંખ માંગે તો કદી તમા રાથી અપાય નહિ. વારૂ, વિચારો કે, જેણે તમને વગર માંગે નેઅમતો આપી તે શું હમણાં આગયાથી નહિ આપશે? કે જેથી તમો અહિથી તહિં ઇમાનને ડામાડોલ કરતા ફરો છો? માણસો એ સમજવું જોઇએ કે, અલ્લાહથી કઇ મતલબ થઇ શકતી નથી કે તમોને બીજાની જરૂર પડે. મુસલમાનો જ્યારે તમોને કુરાન મજીદથી સાફ જણાઇ ગયું કે, અલ્લાહ વગર કોઇ માલીક નથી. અને તેણે ન કોઇ પીર પેગમ્બરને પોતા તરફથી મુખત્યાર ઠરાવ્યો છે, તો જો તમો કુરાન ઉપર ઇમાન લાવ્યા છો, અગર ખુદાને મ્હોં દેખાડવું છે, તો તેના હુકમપર ચાલો અને તેના વગર બીજા કોઇથી હાજતો ન માંગો. જ્યારે તમો જાણીતા નહોતા ત્યારે લાચાર હતા. હવે તો તમારા પર ફરજ છે કે શિરકથી તોબા કરો ખુદાને વાસ્તે જીદ નકરો. પોતાના દીલમાં વિચારો કે, શિરક મુક-વાામાં તમારૂં શું નુકશાન છે, જો તમોને પીરના છુટી જવાનો ગમ છે તો અલ્લાહ જેવો માલેક તમને મળે છે કે, જેનાથી પીર પણ પોતાની હાજતો માંગ્યા કરતા હતા. અને જો તમારાથી ખરચ કર્યાં વગર રહેવાતું નહોય તો જેટલો માલ તમો પેગમ્બરોની માનતામાં ખરચો છો, તેટલો અલ્લાહની નજરમાં ખરચ કરો. વારૂ જ્યારે તમને અલ્લાહ મળી ગયો તો બીજાની શું પરવા રહી મીસલ મશહુર છે કે, "જીસકા અલ્લાહ યાર હએ, ઉસકા બેડા પાર હએ."

ત્રીજી ફસલ

એમાં તે ચીજોનું બ્યાન છે કે, જેને અલ્લાહ તઆલાએ પોતાની તાજીમને માટે ખાસ કીધી છે, કે તે બીજાને કરવી દુરૂસ્ત નથી જેમકે દુનિયાં માં બાદશાહોએ પોતા માટે તખ્તપર બેસવું ખાસ કીધું છે. અને અગર જો બીજો વજીર હોય પણ તે તેપર બેસી શકતો નથી. તેમાંથી પહેલું સિજદો છે,

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: "તમો સુર્ય કે ચંદ્રને સિજદો ન કરો, પણ જેણે એઓને પેદા કર્યાં છે. તેને તમો સિજદો કરો, જો તમો તેની બંદગી કરો છો તો" સુરા હામીમ સિજદે ૪૧;૩૭

ફાયદો—એટલે સિજદો કરવાને તેજ લા યક છે કે, જેને પેદા કરવાની કુદરત હોય, અને જે પોતે પેદા થવામાં બીજાનો ગરજવાન હોય તેને સિજદો કરવો ન જોઇએ. આ આયતથી સાફ જ ણાયું કે, વલીઓની કબરોને, અને તાજીઆં (તાબુત)ને સિજદો કરવો હરામ છે. કેટલાક અણસમજ કહે છે કે, ફીરસ્તાઓએ હજરત આદમ (અલે)ને સિજદો કર્યો હતો. અને હજરત યાકુબે યુસોફ (અલે)ને (સિજદો કર્યો હતો), એવીજ તરેહ અમો પણ બુજરગોને (સિજદો) કરીએ છીએ. તેનો જવાબ આ છે કે, પ્રથમ સિજદો કરવો દુરૂસ્ત હતો. પણ આપણા પેગમ્બર (સલ)ના દીન માં મના થયો છે. જેમકે હજરત આદમ (અલે) ના વખતમાં સગી બહેન સાથના વિવાહ દુરૂસ્ત હતા. પણ હવે હરામ છે. બીજું ખુદા વગર બીજાનો રોજો રાખવો પણ લાયક નથી. નાદાન લોક હજરત અલી (રદી)નો રોજો રાખે છે. કેટ લાક આખા દીવસનો. અને કેટલાક હિંદુઓની પેઠે સવા પોહોરનો રોજો રાખવો બંદગી સમજે છે. અને જુઓ તો અલ્લાહ વગર કોઇની બંદગી દુરૂસ્ત નથી. (હા) અલ્લાહનો રોજો રાખે. અને તેનો સવાબ હજરત અલી (રદી)ની રૂહને બખ્શે તો દુરૂસ્ત છે. ત્રીજું જાનવરનું જુબહ કરવું એ પણ અલ્લાહ તઆલાને માટે ખાસ છે. નબી (સલ) સાહેબે કહ્યું. ખુદા વગર બીજા કોઇને વાસ્તે, જે કોઇ (જાનવર) જુબહ કરે તેનાપર ખુદા લાનત કરે."(મિશકાત શરીફ)

ફાયદો—આ હદીસથી જણાયુ કે, સૈયદ અહમદ કબીરની ગાય અને અબદુલ કાદેર જીલા ની (રહ)નો બકરો કહેવો, અને તેમનું નામ રાખીને જુબહ કરવું દુરૂસ્ત નથી. પણ ખાવા અને વેચવા જાનવરને જુબહ કરવું દુરૂસ્ત છે. કેમકે એમાં શિરક અને માનતા નથી. માત્ર ગોશ્તનીજ મતલબ હોય છે. અને જે જાનવર કે પીરો અને બુતોને માટે જુબહ થયું હોય તેનું ગોશ્ત ખાવું આ આયત પ્રમાણે દુરૂસ્ત નથી.

અલ્લાહ તઆલાએ કહ્યુ: "તમોપર મુરદું હરામ છે અને ખુન, અને સુવરનું ગોસ્ત, અને તે ચીજ કે, જેનાપર ખુદા વગર બીજાનું નામ બોલાયું હોય." સુરા બકર. ૨,૧૭૩

ફાયદો - નામ પોકારવું બે તરેહનું છે,

એક તો એ કે જુબહ કરવાની પહેલાં નામ પાડવું કે આ બકરો અબ્દુલ કાદેર જીલાની (રહ)નો છે. અથવા શેખ સદ્દુનો અથવા ભવાનીનો ભોગ છે અને બીજુ એ કે જુબહ કરતી વેળા નામ લેવું તો કમણુાંના લોક જુબહ કરવાની વખતે આદત પ્રમાણે અલ્લાહો અકબર કહે છે. પણ જુબહ કરવા પહેલાં ખુદા સિવાય બીજા કોઇનુ નામ મશહુર કરે છે. (પણ) જયારે પ્રથમથી નૈયત બગડી તો અલ્લાહો અકબર કહેવાથી શું થાય છે.[1] જો કે કેટલાક કઠમુલ્લા બે ઇલમીપણાને લીધે એમાં તકરાર કરે છે. પણ આલેમોનો સહી મત આ છે કે, આ ગોસ્તનું ખાવુ કદી દુરસ્ત નથી. અને સીધી વાત તો આ છે કે. જે ચીજમાં શોબહ પડે તેને ખાવાની જરૂર શી? ચોથું નજર નીયાજનું માનવું એ પણ અલ્લાહને માટે ખાસ છે એટલે એમ કહેવુ કે ઇલાહી જો તું પોતાના કરમથી આ બીમારને સારૂં કરે તો હું દસ ફકીરોને ખાણું ખવડાવીશ. અથવા રોજો રાખીશ એનું નામ નજર છે. અને જ્યારે કુરાનથી સાબેત થઇ ચુકયુ કે ખુદા સિવાઇ કોઇને હાજત પુરી પાડવાની કુદરત નથી તો ફરી પેગમ્બરોની નજર અને માનતા માનવી તદન નિર્લભ છે. મુસલમાનોને લ જેમ છે કે જ્યારે તેને કંઇ હોએ ત્યારે અલ્લાહ સુબહાનહુ તઆલાની નજર માને. અને નજર કરવુ એ માત્ર ખાવા ઉપર બધાયલું નથી પણ સર્વે નેક કામોમાં નજર દુરસ્ત છે જેમકે રોજો રાખવો નફલ નમાજ પડવી, કુવો ખોદાવવો, મસજીદ બનાવવી. આ વખતના લોકો બેઇલમીને લીધે ફાતેહાને નજર નીયાજ કહે છે. એ લફ્જ અલ્લાહનેજ માટે ખાસ છે. અલ્લાહના લફ્જને બીજી જગ્યા બોલવુ અદબથી દુર છે. ફાતેહા કહેવામાં શું બુરાઇ છે કે તેને નજર નીયાજ કહે છે!

ચોથી ફસલ.

એમાં શિરકની રસમોનું બ્યાન છે.

શિરકની જે રસમો હીન્દુસ્તાનમાં ચાલુ છે તે બેહદ અને બેહીસાબ છે, સર્વેનુ બ્યાન કરવું મુશ્કેલ છે. એટલા માટે આ જગ્યા થોડી રસમોનું બ્યાન થાય છે. એના ઉપર બીજીએનું પણ તોલ કરવું જોઇએ. ખ્યાલ કરવાથી જણાયું છે કે હીન્દુસ્તાનની રસમો બે તરેહની છે. કેટલીક

[1] દુરલ મુખતાર, અશબાહ, આલમગીરી વગેરેમાં છે કે કોઇ માણસ ઝીયાફતની નૈયતે નહીં પણ કોઇ માણસના માનમાં બકરો જુબહ કરે, તો તેના ઉપર બીસ મિલ્લાહ કહી હોએ છતાં તે હરામ છે. મુ. મો.

તો એવી છે કે તેનું કરવું કોઇપણ રીતે દુરસ્ત નથી. અને કેટલીક એવી છે કે એક રીતે તે દુરસ્ત છે અને બીજી રીતે તે દુરસ્ત નથી.

ફાયદો—પહેલી તરેહ જેમકે નજુમી (જોશી) અને બ્રાહ્મણથી શાદી વિવાહની તારીખ પૂછવી, અથવા સફર કરવા કે હવેલી બનાવવાના વખતે સારી ઘડીનું દર્યાફત કરવું, એ કદી દુરસ્ત નથી. કે એ સાફ શિરક છે કેમકે જણાઇ ચુકયું છે કે ગેબની વાત ખુદાના પેગમ્બરને માલુમ નહોતી તો બીજાઓની શી હકીકત. નબી (સલ) એ કહ્યું છે કે જે કોઇ ગેબ બતાવનાર પાસે ગયો ને તેની વાતને સાચવી તો તે મોહમ્મદ (સલ) ઉપર ઉતારેલી વસ્તુ (કુરાન)થી અભાગ્યો થયો. એટલે કુરાનમાં તો આ હુકમ છે કે ગેબની વાત ખુદા સિવાય કોઇને જણાયલી નથી. અને જ્યારે કોઇ નજુમી અથવા બ્રાહ્મણથી, ભલી ભુંડી ઘડી પૂછી તો જાણે તે કુરાનનો નકાર કરનાર થયો. એનું દોજખ વગર કયાં ઠેકાણું? બ્રાહ્મણ દસ વાતો પોતાના તરફથી બનાવીને બતાવે છે એમા કદી કોઇ ખરી પડી જાય છે. ત્યારે નાદાનો સમજે છે કે તેઆની સર્વ વાતો સાચી હશે.[1] તેઓ એમુ ખ્યાલ નહિ કરતા કે જો એ લોકો સાચા હતે તો પોતાના લાભની એઓ પ્રથમ ફીકર કરતે. ફાટેલી ધોતી બાંધી દરવાજે દરવાજે મારા મારા ભીખ માંગવા શા માટે ફરતે. અને એવીજ તરેહ તેવુ મંતર ભણવું હરામ છે કે જેમાં હનુમાન અને લુનાન ચમારીની દુહાઇ હોએ અને એવીજ તરેહ કેટલાક મનાકેબ (સારા લોકની તારીફો) પણ (હરામ છે) કે જેમાં શિરકનું મજમુન હોએ[2] જેમકે આ શેઅર.

"અલી જો ચાહે તો મકસદકો સર બરાહ કરે"
"ગદાકુ ચાહે તો એક પલમે બાદશાહ કરે"

જાહેલ લોકોએ શએર કહેવા શીખી લીધી, જે જીવમાં આવ્યું બકવા લાગ્યા. એઓને દુરસ્ત ના દુરસ્તની શી ખબર. અને એવીજ તરેહ નબી બક્શ સાલાર બક્શ અબદુનનબી બંદાઅલી બંદા હુસેન નામ રાખવું પણ બુરૂ છે. એવું નામ શરીઅતમાં

[1] યાદ રાખવા જોગ વાત છે કે સને ૧૩૧૭ હીજરીની રમજાનનો ચાંદ બધી જનતરીઓ (પંચાગો)માં ત્રીશો લખાયો હતો પણ તે ચાંદ ઓગણત્રીશો થએલો એટલે એના ખોટા થવામાં તો શક નહીં. એવીજ તરહ આ વર્ષ ૧૩૧૮ હીજરીનો શવ્વાલનો ચાંદ દરેક જનતરીમાં ત્રીશો લખાયો હતો પણ તે ઓગણત્રીશો થયો. અને સેંકડો માણસોએ જોયો મુ. મો.

[2] એજ માટે અગયાર મજલીસનું પડવું હરામ છે.

દુરસ્ત નથી કેમકે કુરાન મજીદની કેટલીક આયતોથી પ્રથમ જણાવી ચુકયા છીએ કે ખુદા તઆલા વગર કોઇ પીર પેગમ્બરને આપવાની કુદરત નથી. શું લોકો જાહેલ થયા છે કે અલ્લાહના બંદા થઇને બંદાના બંદા થાય છે. અબદુલ્લાહ અબદુર રહેમાનમાં શું બુરાઇ છે જે અબદુન નબી અને બંદેઅલી નામ રાખે છે?

ખરૂં જોતાં નાદાનની મોહબ્બત પણ સારી નથી; કેમકે તે મરજી અમરજી ને, મોકા બે મોકાને સમજતો નથી. જો કે નામ રાખવામાં અર્થો તરફ નજર કમ રહે છે પણ જે નામથી શિરક નીકળે તેને રાખવાની જરૂર શી?[૧] અને એવીજ તરેહ માથા ઉપર શાહ મદારની ચોટલી રાખવી અને કાઠી ઉભી કરવી, માનતા કરીને કબરો ઉપર ચાદરો ચઢાવવી, દીવા બાળવા પીરોને વાસ્તે જાનવરોનું જુબહ કરવું, ઇમામ જમીનનો પૈસો બાજુ ઉપર બાધવો, ચોમાર્ગે સદકો મુકવો, પીર નસીરની ત્રણ કોડીની શીરની માનવી, શીતળાની બિમારીમાં માલણને બોલાવવી, ગાયનું ગોસ્ત નહિ રાંધવું એ બધી રસમો શિરકની છે કોઇ રીતે દુરસ્ત નથી.

બીજી તરેહ જેમકે હજરત અબ્બાસની હાજરી, હજરત ફાતેમાની સહનક હજરત અબદુલ કાદેર જીલાનીની અગીયારમી, શાહમદારનો ગલીદો. બુઅલી કલંદરની ત્રણ મણી, શાહ અબદુલ હકકનો તોશો એને આ નૈયતથી કરવું કે ઓ હજરત તમો અમારૂ ફલાણુ કામ કરી દો, તો હરામ છે. તથા ઘણું બુરૂ છે. તથા સાફ શિરક છે જેમકે એનો હાલ સારી રીતે બ્યાન થયો છે અને જો માનતા નથી, માત્ર તેમની રૂહને સવાબ પુગાવવું મતલબ છે તો દુરસ્ત છે. એવી નૈયતથી હરગીજ મના નથી. પણ ખાવાનું ખાસ કરવું એવી રીતે કે હજરત અબ્બાસ (રદી) નો ફાતેહો માત્ર શીર માલ અને કબાબ ઉપર થાય, અને શાહ અબદુલ હકક (રહ)નો ફાતેહો તરે હલવા ઉપર થાય. એ વગર બીજા ખાવા ઉપર નહિ કરવું એ છેક નાદાની છે એવીજ તરેહ તારીખનું મુકર કરવું કે ફલાણા બુજરગનો ફાતેહો જે દિવસે છે તેજ દિવસે થવો જોઇએ, બીજી તારીખે દુરસ્ત નથી. એ પણ બે અસલ (બેપાયા) છે. પણ જે બુજરગનો ફાતેહો ગમે તે દહાડે કોઇ પણ ખાવા ઉપર કરે. ખાવા અને દહાડાની નીમીલ માત્ર હીન્દુસ્થાનીઓએ કહાડી છે. શરીઅત મોહમ્મદીમાં એનો કેથે પાયો નથી અને શરીઅત પ્રમાણે ફાતહાનો બેહતર માર્ગ આ છે કે ખાઉ પકાવી મોહતાજ ગરીબોને વહેંચે, અને એમ કહે કે ઓ અલ્લાહ આ ખાઉં તારી નજર છે એનો સવાબ મારા તરફથી ખુદાના પેગમ્બર (સલ) ની રૂહને અથવા હજરત અલી (રદી) ની રૂહને અથવા હજરત અબદુલકાદેર જીલાની (રહ) ની રૂહને અથવા મારા બાપ દાદાની રૂહને તું પોતાના કરમથી પોહોંચવી દે ખાવાનો સવાબ જુદો છે અને પડવાનો સવાબ જુદો છે. પણ હિન્દુઓની તરેહ લીપવું પૂજવું અને ખાવાની સાથે પાણી (જરૂરી સમજીને) મુકવું ઘણુંજ બુરૂ છે. કેટલાક બેવકુફ ખાવાની સાથે હુકકો અને અફીણ મુકે છે કે કદાપી મુરદાની રૂહ કંઇ ખાતી પીતી હશે. અસતગફેરૂલ્લાહ! જાહેલોએ દરેક વાતમાં એવી વાહી તબાહી રસમો કહાડી છે કે જેથી ઇસ્લામની રોનક તદન જતી રહી. દીનદાર મુસલમાનને લાજેમ છે કે દરેક રીત રીવાજમાં ખુદાના પેગમ્બર (સલ) ના હુકમને તલાશ કરે કે આ બાબતમાં હજરતે (સલ) શું ફરમાવ્યું છે અને પોતાની અલ્પ બુધ્ધિનો પેસારો ન કરે. જો માત્ર અમારી અકલ બસ હોત તો હક તઆલા હરામહલાલને બતલાવવા પેગમ્બર (સલ) ને શા માટે મોકલતે.

પાંચમી ફસલ

એમાં શિરકની બુરાઈ તથા શિરક કરનાની સજાનુ બ્યાન છે.

અલ્લાહ સુબહાનહૂએ કહ્યું: "બેશીત ખુદા તેની સાથે શિરીક પકડવા (નાપાપ) ને બખશતો નથી અને તેના સિવાય તેથી નીચલા ગુનાહમાંથી જેને ચાહે તેને બખશે છે અને જેણે ખુદાની સાથે શિરક કીધુ તેણે મોટી કલ્પના કીધી." સુરા નીસા ૪;૪૭

ફાયદો ખરૂં જોતા આથી મોટું કયું પાપ છે કે જેવી રીતે ખુદાથી મુરાદો માંગે તેવીજ રીતે તેના બદાઓથી. તો જાણે તેણે માલીકને અને ગુલામને સરખા કીધા અને કારભારમાં ભેગા કીધા. આ આયતથી જણાયું કે શિરકથી તોબા કરવી એ

૧ એજ માટે હજરત (સલ) એવા નામને ઇસ્લામ સ્વીકાર્યા પછી બદલતા હતા. મુ. મો.

મુસલમાનો ઉપર સર્વથી મોકદ્દમ છે. કારણ કે બીજા ગુનાહ અગરજો કબીરા હોય પણ તેની બક્ષીશની આશા છે. અને શિરકનો તે બલા છે કે જેને સુબહાનહુ તઆલા કદી બક્ષશે નહિ. ખુદાની પનાહ! જેને ખુદાએ નહિ બક્ષ્યો તેનું ઠેકાણું દોઝખ વગર કયાં છે? નબી (સલ) સાહેબે કહ્યું; "અલ્લાહ સાથે શિરક નો કર અગર જો કોઇ તને કતલ કરે અથવા બાળી નાંખે-" (મિશકાત શરીફ)

ફાયદો —હજરતે (સલ) આ એટલા માટે ફરમાવ્યુ કે ઇમાન બચી ગયું તો કતલ અને મુસીબત તો ઘડીભરની છે ફરી તો બેહેશ્ત ઘર છે, અને જો મઆજલ્લાહ તેણે શિરક કીધું તો અલ્લાહ તઆલાના ગજબમાં ગીરફતાર થયો અને મુશરેક અગરજો બધી ઉમર દુન્યામાં ખુશીમાં કહાડે પણ છેવટ તેનું ઠેકાણું દોજખ છે. આ ગુનેહગારે (કર્તાએ) જ્યારે શિરકની બુરાઇ કુરાન અને હદીસમાં એવી રીતે જોઇ, અને અણજાણ મુસલમાનોને એમાં ફસેલા જોયા તો ખુદાની કસમ દીલ ઘણુ દદ્યું અને ઘણો અફસોસ થયો ત્યારે એજ માટે આ રીસાલાને હીન્દી જબાનમાં સેહલાઇથી સરળ કરીને લખ્યો. અને જલદી સમજવાને માટે આયત અને હદીસનો તરજુમો હીન્દી મહાવરા પ્રમાણે કીધો કે જેથી સર્વ બીચારા નાવાકેફ મુસલમાનોને ફાયદો થાય. એથી કંઇ કાબેલીયત બતાવવાની ગરજ નથી. આલેમોથી આશા છે કે તેઓ હીન્દી ભાષા વિષે ખો કહાડે નહી અને મતલબને જાણે

રીસાલો સમાપ્તી (ખાતેમો)

એમાં ત્રણ ફાયદા છે.

પહેલો ફાયદો—જે શુબહો અને સવાલો આ વખતના લોકો શિરકની બાબતમાં બ્યાન કરે છે તેના જવાબો ખુલાસાવાર આ રીસાલામાં બયાન થઇ ચુક્યા છે. જે માણસ અકલવાળો છે તે જો એને સારી રીતે સમજી લેશે તો બીજા સવાલોના જવાબો પણ દઇ શકશે પણ આ જગ્યા બીજા પણ બે કાયદા યાદ રાખવાની જરૂર છેઃ—

પેહેલો ફાયદો —તે એકે જયાં સુધી હદીસની સનદ નહિ પુગે અને આ હદીસ મોહદ્દસોની કઇ કીતાબમાં છે, એ નહીં જણાય ત્યાં સુધી તેને માનવી નહીં જોઇએ. ઘણી વાહીતબાહી હદીસો પાછલા મશાએખોની કીતાબોમાં લખાયલી છે અને ઓલમા મોહદ્દેસીનની નજદીક તેનો કશો ઇતબાર નથી [1] અને એવીજ તરેહ જે હદીસનો મતલબ કુરાનને વિરૂદ્ધ હોય તને પણ ગલત જાણવી જોઇએ કુરાન વગર ઘણી હદીસો છે પણ જે હદીસ શરીઅતની મતલબને મોવાફેક હોય તેને માનવી જોઇએ. જેમકે એની એક મિસાલ લખાય છે મસલં કુરાન મજીદથી અમોને જણાઇ શુ કયું છે કે પોતે પેગમ્બરને પોતાના જાનના નફા નુકસાનનો કંઇ અખત્યાર નથી હવે જો કોઇ હદીસ એવા મજમુનની નકલ કરે કે પેગમ્બર (સલ)ને સર્વ ચીજોનો અખત્યાર છે જે ચાહે તે કરે તો અમો તેને માનીશું નહિ કેમકે કુરાન શરીફની વિરૂધ્ધ પેગમ્બર (સલ)નું ફરમાવવું બનવાજોગ નથી

બીજો કાયદા—તે એકે મુસલમાનોને લાજેમ છે કે તેઓ અકીદાને કુરાન હદીસને મોવાફેક દુરૂસ્ત (ઠીક) કરે, અને કીસ્સા અને નકલોને અકાએદમાં દખલ નહિ દે. ઘણી મખલુકનો અકીદો આ સબબથી બગડયો કે ફલાણા બુજરૂગથી એમ થયું હતુ. અને ફલાણાએ આ કર્યું હતું. આવી મુસલમાની ઉપર કુરબાન! કે કુરાન મજીદને તો તાખમાં રાખ્યું અને નકામા કીસ્સા કહાણીઓ ઉપર અકીદો બાંધ્યો. કોઇ માણસ આથી વલીઓની કરામતનો ઇનકાર સમજે નહિ કેમકે આ સિદ્ધ થયલુ છે કે હક્ક તઆલા કદી વલીઓને હાથે કરામતો જાહેર કરાવે છે. કે જેથી લોકોને તેઓની બુજુરગી અને મોટાઇ જણાય. પણ દરેક વખત તેઓને આ અખત્યાર નથી કે જે ચીજને જ્યારે ચાહે ત્યારે કરે. ફરી જ્યારે તેઓને પૂરો અખત્યાર નહિ થયો તો તેઓથી હાજતો માંગવી તદન નાદાની છે. રહ્યું ખુદાની જનાબમાં તેઓ પાસે દુઆ કરાવવી તેને તો કોઇ મના નહિ કરતું. મતલબ કે જ્યારે કુરાનથી સિદ્ધ થયું કે ખુદા સિવાય કોઇને હાજત પૂરી પાડવાની શક્તિ નથી તો હવે કોઇ ગમે તે કહે અને કેટલી પણ વાતો ઘડયા કરે તેને કદી સાંભળવી નહિ જોઇએ. કેમકે ખુદા તઆલા જેવો કોણ છે કે અમો તેની વાત ઉપર યકીન લાવીએ.

બીજો ફાયદો—જે મુસલમાન ભાઇ આ રીસાલાને જુએ તેમની ખીજમતમાં સલામ બાદ

---

[1] હજરત (સલ)ને સર્વ વસ્તુની ખબર છે એવું માનનાર જો પોતાની વાતને સિદ્ધ કરવા માગે તો તેણે આ ફાયદો ધીયાનમાં રાખવો જોઇએ. ગ્રા. મો.

આ અરજ છે કે આ વખતના મરદ અને ઓરતોને આ રીસાલો સંભળાવવો તેઓની આગળ નરમાશથી મોહબ્બત કરીને વાંચવું પોતા ઉપર જરૂર અને વાજેબ જાણે. ઘણા લોકો બાપડા અજાણપણાને લીધે નાચાર છે. જો અહિસ્તા આહિસ્તા સમજાવાશે તો અલ્લાહથી ઉમેદ છે કે લોકો તોહિદને સમજી જશે, અને શિરકથી તોબાહ કરશે. મસલ જો તમારી રૂબરૂ તમારો છોકરો અથવા કોઇ દોસ્ત અજાણપણાથી ઝેર ખાવા લાગે તો તમો તેને કદી ઝેર ખાવા નહિ દેશો. કેમકે તમને યકીન છે કે એણે ઝેર ખાધું કે મર્યો. ત્યારે એવીજ રીતે શિરકને પણ સમજો કે તેના કરવાથી ઇમાન મરે છે, અને એ એવી બુરી ચીજ છે કે જેને ખુદા માફ કરતો નથી. તેઃ જેવી રીતે તમો ઝેર ખાવાથી પોતાના દોસ્તોને બચાવો છો તેમજ શિરકથી પણ બચાવો. અને જેમ થઈ શકે ભુલા ભટકા લોકોને માર્ગે લાવો. ખુદા જાણે છે કે એનો સવાબ તમોને તમારા રોજા નમાજથી વધારે મળશે નબી (સલ) સાહેબે ફરમાવ્યું છે “ જે કોઇ સારો માર્ગ બતાવશે તો તેને કરનારાની બરાબર સવાબ મળશે ” અને આ વાતની બીહીક નહિ રાખવી જોઇએ કે લોકોની આદત મુદ્દતથી બગડેલી છે. તેઓ કયા માનશે કારણ કે આ આજીજે (કર્તાએ) ઘણીવાર અજમાવ્યુ છે કે સમજાવ્યા બાદ જો બધા નહિ સમજે તો પાંચ દશ તો અલબત સમજે છે. સારી રીતે સમજાવાય અને તેમાંથી બે ચાર પણ નહિ સમજે એ બનવાજોગ નથી. આ વખતના ઘણા આલેમ ફાજેલ પણ આ ખ્યાલથી કહેતા નથી કે લોક પોતાની જીદથી કહ્યું માનશે નહિ. પણ એ સારૂં નથી જો આલેમ ફાજેલજ ભલું બુરૂં સમજાવતા નહિ રહેશે તો જાહેલ તદન દીનને તબાહ કરશે. હા, અલબત આટલુ છે કે શિરકના મના કર્યાથી કેટલાક જીદી લોક અને ઘણા પીરજાદા જાહેલ જેઓએ રેવડી ગાંઠવા અને ઝુંડા નિશાનોને પોતાની રોજી મુકરર કીધી છે, તેઓ કદી ખુશ નહિ થશે. અને ઘણા ગુસ્સાથી લીલી પીળી આંખો કહાડશે. પણ મોહમ્મદી મુસલમાનોને એવા ખ્યાલથી ચુપ રહેવું લાજેમ નથી. આપણો અલ્લાહ રાજી જોઇએ. એ લોકો ખૂશ હોય તો શું અને નાખુશ હોય તો શું.

ફાયદો ત્રીજો—જો કે શિરકનુ બયાન ખુલાસાવાર નસરમા થયુ છે. પણ થોડી મતલબ નજમમાં મુનાસેબ જણાય છે. કેમકે નજમ ઘણી જલદી યાદ થાય છે. વિશેષ કરી છોકરાંઓને યાદ કરવા માટે ઘણી સારી છે. કે નાનપણથી જ અકીદો ચોખ્ખો રહે અને શિરકની બુરાઇ સારી રીતે દીલમાં બેશી જાય –

ખુદા ફરમા ચુકા કુરઆ કે અંદર * મેરે મોહતાજ હે પીરો પયમ્બર
નહીં તાકત સીવા મેરે કીસીમે * કે કામ આવે તોમહારી બે કસીમેં
જો ખુદ મોહતાજ હોવે દુસરેકા * ભલા ઉસસે મદદકા માંગના કયા
ખુદાસે ઓર બુજુરગોસેભી કહેના * યહી હે શિરક યારો ઇસસે બચના
ખબર કુરઆનમેં હે યે મોહક્કક * નબખ્શેગા ખુદા મુશરેકકુ મુતલક
મઆજલ્લાહ જીસે ઉસને ન બખ્શા * મુકર્રર વો જહનમમે પડેગા
અગર કુરઆંકુ તુમ સચ જાનતેહો * તો ફીર તુમ મંનતે કયું માનતે હો
તોમ્હે યે તોર બદ કીસને સીખાયા * મોહમ્મદને કહાં હે યે બતાયા
હે શેતાં દુશમને અવલાદે આદમ * સીખાતાહે વોહી રાહે જહંનમ
કીસીકો બુતપરસ્તી હે સીખાતા * કીસીકુ હે વોહ કબરોપર ઝુકાતા
ગરજ અલ્લાહસે દોનોકો રોકા * ભોલાકર રાહ જા, ખંદકમેં ઝોકા
મુસલમાનો જરા સોચો તો દીલમેં * ફસે હો કીસતરહ તુમ આબો ગીલમે
બોહોત ગફલતમેં સોએ અબ તો જાગો * ખુદાકે હોને બંદોસે ન માંગો.

વોહ માલેક હૈ સબ આગે ઉસકે લાચાર * નહીં હૈ કોઇ ઉસકે બરકા મુખ્તાર
વોહ કયા હૈ જો નહીં હોતા ખુદાસે * જેસે તુમ માંગતે હો ઓલયાસે
બયાને શિરક સુન કેહતે હેં મરદક * કે મુનકેર હેં બુજુરગોસે બેલાશક
અરે લોકો જરા અપનીકો રોકો * બુજુરગોસે નહીં ઇનકાર હમકો
ખુદા લાનત કરે ઉસ રૂ સયાહ પર * કે જીસકે દીલમેં હો બુગજે પયમ્બર
જેસે હો બુગજ આલે મુસતફાકા * ખુદા ઉસકો કરે દોજખકા કુનદા
જેસે અસહાબ હજરત સે હો ઇનકાર * રહે હરદમ ખુદાકી ઉસપ ફિટકાર
જેસે કુચ બુગ્જ હોવે ઓલયાસે * હમેશા અબર લાનત ઇસપ બરસે
અબ ઇતના ઓરભી સુન રખયે હજરત * જો હકકપર ના ચલે ઉસપર ભી લાનત
હમારા કામ સમજાના હે યારો * અબ આગે ચાહો તુમ માનો નમાનો
તું અપને હાલમેં કુચ સોચ ખુર્રમ * જોબા અબ બંધકર વલ્લાહો આલમ.

નસીહતુલ મુસ્લેમીન સમાપ્ત*

આ ફતવો દેહલી, દેવબંદ વગેરેના વિદ્વાનો તરફનો દેહલીમાં અનસારી પ્રેસમાં છપાયલો છે તેનો આ તરજુમો છે.

"હનફી વિદ્વાનો તરફનો ઇલમે ગેબ બાબતનો ફતવો"

હનફીના મોહકકેકીન વિદ્વાનો (રહ) આ મસલામાં શું ફરમાવો છો કે જેદ કહે છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાનો કુલ ઇલમે ગેબ હજરત (સલ)ને અતા કરી દીધો છે અને હમણા પણ આપ મખલુકના દરેક હાલ જાહેર બાતેનને, ભલા બુરાને સારી રીતે જાણે છે. તે એટલા સુધી કે મચ્છરના પર હલાવવાનો પણ આપને ઇલમ થાએ છે. અને દરેકનર અવાજને કરી તે પુર્વમાં હોએ કે પશ્ચિમમાં હોએ પોતે સાભળી લે છે. ત્યારે આ અકીદા કેવો છે? અને એવો અકીદો રાખનાર હનફી મજહબ પ્રમાણે તથા હનફીઓની માતબર કીતાબો પ્રમાણે મુસલમાન રહ્યા કે કાફર અને મુશરેક થયો? બયાન કરો તમને સવાબ મળશે. [૧]

દેવબંદ વગેરેના વિદ્વાનો તરફનો જવાબ.

"જે શખ્સ રસુલુલ્લાહ (સલ)ને ગેબ જાણનાર થવાનો મોતકેદ છે તે હનફી સરદારો (વિદ્વાનો)ની નજદીક ખાતરીથી મુશરેક અને કાફર છે. "બહરર રાએક"વાળા સાહેબ કીતાબુન નીકાહમાં સાફ લખે છે કે "જે કોઇ નીકાહના શાહેદ અલ્લાહ અને રસુલને મુકરર કરે અને એવું માને કે રસુલુલ્લાહ ગેબ જાણનાર છે તે ખાતરીથી કાફેર છે" અને મુશરેક તો તેનેજ કહે છે કે કોઇ મખલુકને અલ્લાહ તઆલાની સાથે કોઇ જાતી વસફમાં જેમકે ઇલમ કુદરતમાં અથવા ઇબાદતમાં શરીક કરે. કેમકે જાતમાં શરીક કરવું એટલે ઘણા

---

* મોલમીનવાળા પ્રખ્યાત મોલવી અબદુલ હેય સાહેબ મોલમીનથી તા૦ ૨૮-૩-૧૯૦૧ના કાર્ડમાં લખે છે કે "એક ભરોસેદાર માણસ કે જેનું નામ લેવું હું મસલેહત વિરૂધ્ધ જાણું છું તેવણે મને કહ્યું હતું કે નસીહતુલ મુસ્લેમીનનો તરજુમો કરનારે ફાયદા પોતાના તરફથી દાખલ કર્યા છે. જો કે હું અસલ કીતાબથી અનજાણ હતો જેથી હું તેને પાછલ દોરાઇ મેં તેને માન્ય કીધું હતું જ્યારે મેં મી૦ અહમદ બહાદતથી એ બાબતની વાત કહાડી તો તેવણે ફરમાવ્યું કે અસલ ઉરદુ કીતાબ મારી પાસે છે તે વખતે મેં તહકીક કરવા ગનીમત સમજીને અસલને માગી અને તરજુમાને અસલથી મેળવ્યો તો ખરેખર બનેમા પુરતી રીતે સરખાપણું હતું અને ફાયદા અસલ કીતાબનાજ સિધ્ધ થયા." લોકો ખુદાથી નહી ડરતા અને તોહમત દેવા તઈયાર થાએ છે. જે કોઇને તપાસ કરવી હોએ તે મારે પાસથી અસલ કીતાબ લઇ જુએ. શા. મો.

૧ વડોદરાવાળા મી૦ બશીર પોતાના રીસાલા મોનાઝરહ ના પૃ૦ ૨૩મા હજરત પીર (રહ) વિષે માને છે કે તેવણને દરેક ચીજની ખબર છે અને પૃષ્ટ ૧૭૫ માં નબી સાહેબ વિષે માને છે કે સુરા મુનાફેકુન મદનીના ઉતરવા સુધી હજરત દરેક ચીજને જાણતા નહોતા ત્યારે આથી સિધ્ધ થાય છે કે તેવણ નબી કરતા વલીને શ્રેષ્ઠ ગણે છે. વળી મજકુર સુરા પછી કયારે તમામ ચીજનો ઇલમ હજરતને અપાયો તે લખતા નથી. ઘણો અફસોસ છે. શા. મો.

ખુલ્લતું થવું એના માનનાર તો ઘણા કમ થયા છે. શામીએ રદ્દુલ મોહતારની કીતાબુલ ઇરતેદાદમાં સાફ રીતે એવા અકીદાના રાખનારને કાફેર કહ્યો છે. અને આ જે કહે છે, કે તમામ ચીજોનો ગેબનો ઇલમ હજરત (સલ)ને જાતી નથી પણ અલ્લાહ તઆલાનો અતા કીધેલો છે, તે તદન ખોટું અને ગપાટા છે. રસુલુલ્લાહ મહશરમાં પણ કેટલાક લોકોને કોસરનું પાણી પીવાને લાએક જાણશે, અને ખુદા તરફથી હુકમ થશે કે એઓએ તારા પછી શું કર્યું એ તને જણાએલું નથી. એ હદીસ બુખારીએ (રહ) બયાન કરી છે." આ જવાબ ખરો છે. બંદો મહમુદ દેવબંદના મદરસાના પેહેલા મોદરેંસ* જવાબ આપનારાએ ઠીક કહ્યું અઝીઝુર રહમાન. દેવબંદના મદરસાના મુફતી* જેણે જવાબ આપ્યો તેણે ઠીક કહ્યું. મોહમ્મદ નાઝેર હસન દેવબંદી* જવાબ ખરો છે. ખલીલ અહમદ. મઝાહેરૂલ ઓલુમ સહારનપુરના મોદરેંસ અવ્વલ* જેણે જવાબ આપ્યો તેણે ઠીક કહ્યું. મોહમ્મદ રીયાઝુદદીન. મદરસા ઇસલામીયા મેરઠના મોદરેંસ* જવાબ ઠીક છે અબદુલ મોમીન મેરઠના મદરસાના મોદરેંસ* જવાબ ખરો છે. મોહમ્મદ ઇસહાક મેરઠના મદરસાના મોદરેંસ* જવાબ ખરો છે. સીરાજ અહમદ મેરઠવાળા* આ ને સત્ય છે અને સત્ય પછી ગુમરાહી વગર શું છે? અહમદ હસન અમરોહી* 'ઇલમે ગેબ હક્કતઆલાનો ખાસ્સો છે. એ શબ્દને કોઇ મતલબથી બીજા ઊપર બોલતુ શિરકના વેહમાટથી ખાલી નથી." રશીદ અહમદ ગંગોહવાળા. ખુદા તેમની બરકત હમેશ રાખો.

દીલ્હીના ઓલમા તરફનો જવાબ

"બેશક આ અકીદો રાખવો કે અલ્લાહ તઆલાએ કુલ ઇલમે ગેબ હજરત (સલ)ને અતા કીધો હતા, અથવા મખલુકની તમામ હાલતો કુલ્લી જુજઇથી આપ વાકેફ છે, અને પોતે અમારી તમામ વાતોને અને હાલતોને હમો કેથે પણ હોઇએ તેવણ સાંભળેછે, અને જુએછે, એ કુફર છે. શરહ ફીકહ અકબરમાં મુલ્લા અલી કારી (રહ) કહેછે 'તુ જાણ કે નબીઓ છુપી ચીજોમાંથી કંઇ જાણતા નથી. પણ કદી કદાચ ખુદા તેમને કંઇ જણાવેછે તે જાણેછે. અને હનફીયોએ એવો અકીદો રાખવાને કે નબી (સલ) સાહેબ ગેબ જાણેછે, તેને ખુલ્લી રીતે કુફર કહ્યું છે, કેમકે એ ખુદાના કેહેવાને વિરૂધ્ધ આવેછે: 'તુ કેહ (ઓ મોહમ્મદ) જે કોઇ આસમાનમાં કે જમીનમાં છે તે ખુદા સીવાઇ કોઇ ગેબ જાણતું નથી.' આ ઇબારતથી માનીતા હનફીઓનો મજહબ સારી રીતે જણાઇ ગયો કે, તેઓ એવા 'અકીદા' રાખનારને કે જે રસુલુલ્લાને ગેબ જાણનાર કહે તેને કાફર લખેછે. જેને જોઇએ તે તેની તરફ વળણ કરે. અને હાલમાં એક ફતવો એ વાહીયાત અકીદાના ખોટારામાં દીલ્હીના અનસારી પ્રેસમાં છપાયોછે (અને તે તેજ પ્રેસથી હમણા પણ મફત મળેછે) તે માનીતા હનફીયોનો મજહબ જાણવા માટે બસ છે." મોહમ્મદ અબદુલ કાદેર. જાનશીને મોલવી નવાબ કુતબુદદીન સાહેબ (રહ) રહેવાસી મોટી મસજીદ દીલ્લીના* આ બાબતમા મારો અકીદો આ છે કે રસુલુલ્લાહ ખુદાને વગર ખબર કીધે, ઇલહામ કીધે, કશફ કીધે ગેબની વાત જાણતા નહોતા. અને આ પણ થોડી ચીજોનું, અને બધી ચીજોનું નહી. અને આ માર્ગો વગર કંઇ ગેબની વાત જાણતા નહોતા. ફતહ મોહમ્મદ. ફતહપુરી મદરસાના મોદરેંસ* બેશક સવાલમાં લખાયલો અકીદો અહલે સુનત જમાઅતના અકીદાથી નથી. માનીતા હનફીયો સુધી તો શું પોહોંચે. અને જે અકીદો કે અહલે સુનતનો છે અને જેના ઉપર બધી ઉમ્મતનો ઇજમા થયો છે, તે આ છે કે ખુદાના ઇલમ જેવો કોઇનો ઇલમ નહીં થશે. અને દરેક ચીજના ઇલમનો ઇહાતો કરવો કોઇને નથી. અગર જો ખુદાના બતાવવાથી હોએ. મોહમ્મદ સેફુરહમાન. પીશાવેરી ટેંકી હાલ દીલ્લીમાં આવેલા* કોઇ મુસલમાન જેને જરા પણ કુરઆન હદીસ અને અકાએદની કીતાબોથી ભાગ મળ્યો હશે, તે આ કહી શકતો નથી કે હજરત (સલ) અથવા બીજા કોઇ નબી ગેબ જાણવામાં હક્ક સુબહાનહુની બરાબર છે. અને ન કોઇ આ કહી શકે છે કે હક્ક સુબહાનહુ તઆલાએ તમામ ગેબ કોઇ માણસને અતા કીધો હોએ. કેમકે આયત "વ ઇન્દહુ મફાતેહુલ ગેબે" વગેરે ઘણી આવેલી છે અને ન કોઇ આયત અથવા હદીસથી આ વાત સાબીત છે. અને ઇસ્લામી અકાએદની કીતાબોમાં એમજ છે અને એના ઉપ

ર ઝોમફ્ફુરનો ઇન્તેફાક છે. અબુ મોહમ્મદ અબ્દુલ હક્ક તફસીરે હક્કાનીના રચનાર (ઇદરસમાં મોલવી મોહમ્મદ સામરોદીથી બહસ કરનારા) * તે શખ્સથી ઘણી તાજુબ છે કે ઓલમા (?) ટોળામા થઈને આવા શખ્સના કુફરમાં ડામાડોળ રહે, અને તેને ખાતરીથી કાફેર ન કહે. વારૂ કોઇ આ કહી શકે છે કે રસુલલ્લાહ (સલ) ને ખુદાના બતાવ્યા છતા પણ બાજ ચીજોની ખબર નહીં થઇ હોએ? કદી નહી એટલુજ નહીં પણ આપ તો તમામ નબીયોથી વધારે જાણનાર હતા. અને નબુવ્વત તો કમાલે ઇલમીનુ નામ છે. જેમ કે ઇલમે કલામમા લખાયલુ છે. મોટો ફીતનો તો તે શખ્સ મચાવે છે કે જે દરેક જન્યા આ કેહતો ફરે છે કે આપ (સલ) ને તમામ ચીજોનો ઇલમ દેવાયલો છે. અને જુઓ તો આ ખુલ્લુ કુફર છે. અને તમામ ફોકહા આવા શખ્સને કાફેર કેહવા ઉપર એકમતે છે. તાજુબ છે કે એ શખ્સ કઇ દલીલથી આધાર પકડે છે, અને જુઓ તો આ તમામ હદીસોથી વિરૂદ્ધ છે. અનવરશાહ કશમીરી મદરસા અમીનીયા દેહલીના મોદર્રેસ અવ્વલ* જવાબ ખરો છે જીયાઉલ હક્ક મદરસા અમીનીયાના મોદરસ* આ જવાબને મેં જોયો તો તે મને ખરો લાગ્યો. અબદુર્રેહમાન. મોલવી અબદુર્રબ સાહેબના જાનશીન* બુખારી શરીફની હદીસ છે. "ખુદાની કસમ હુ નહી જાણતો અને હુ ખુદાનો રસુલ હોવા છતા ખુદાની કસમ હું નહીં જાણતો કે, મારી સાથે તથા તમારી સાથે શું થશે" આ હદીસની શરહમા સર્વના બરોસેદાર શેખુલ મોહદદેસીન હજરત શેખ અબદુલ હક્ક મોહદદેસ દહલવી આવી રીતે ફરમાવે છે, "હાસેલ આ કે તેવણ (સલ) ઇલમે ગેબનું પોતાથી ના પાડે છે કે તેવણ તેને જાણનાર નથી, અને તે ઉપર વાકેફ (ખબરદાર) નથી. અને તેમને વિષે ઠેરવાયલું તથા બીજાઓ વિષે ઠેરવાયલું તથા તેમને વિષે છુપુ રખાયલુ તથા બીજાઓ વિષે છુપુ રખાયલું તેઓ જાણતા નથી" જુઓ આ મોહદદેસીનના ઉસતાદ ફરી ફરીને ખુલ્લા શબ્દોમાં સાફ ફરમાવે છે કે હજરત (સલ) હરગીજ ગેબ જાણનાર નહોતા. મોહમ્મદ હોસેન* ઇલમે ગેબ બીજજાત ખુદાતઆલાનેજ માટે છે, અને તેના ઇલમના બરોબર કોઇનો ઇલમ થઇ શકતો નથી. જેવો તે પોતાની જાતમાં એકકો છે તેવો પોતાની સીફાતમાં પણ એકકો છે જો કોઇ એવી તરેહના ઇલમમાં તેનો સાથી (કોઇને) કરે તો તે બેશક મુશરેક છે. અને હનફીયો જયા ગેબનુ ના પાડે છે ત્યા એજ મતલબ છે. અને જે હદીસોમાં બીજાનુ ગેબ જાણવુ સાબેત થાએ છે, તો તે ખુદાના જનલાવ્યાથી બીજા અરજ મતલબ છે. હવે બન્ને વાતોમાં સરખાપણું (તતબીક) થયુ, તદન ના પાડવું અથવા સર્વનુ કહેવુ એ જહાલતની નીશાની છે હમારા હોજુર પુરનુર ફખરૂલ અવ્વલીન વલ આખરીન (સલ)ને બેશક અલ્લાહના ગેબો માથી થોડા ગેબનો ઇલમ છે પણ તે બીજી તરેહનો છે. હવે તે કેટલો ઇલમ આપનો છે, તેને ખુદા જાણે છે. હા ખુદા તઆલા બાદ જેટલો ઇલમ આપ (સલ)ને છે તે બેશક તમામ મખલુકથી વધારે છે ફરી તે ફીરશતો હોએ અથવા નબી હોએ, ગૌસ, હોએ યા કુતુબ હોએ, જીન હોએ યા શેતાન હોએ. અને આ ગુણમા આપની બરોબર કોઇ નથી. મોહમ્મદ કરામતુલ્લાહ. (ફતવો સમાપ્ત)

તરજુમો કર્તા કહે છે કે એ મુસલાને લાગતો મેં એક ફતવો છપાવેલો તેના ઉપર ઘણા વિદ્વાનોએ સહી કીધા છે. હુ તેઓની લખેલી ઇબારતને લબાણને લીધે લખતો નથી. જેને જોયે તે મારેથી લઇ ખાતરી કરે. અતરે ફક્ત તે સાહેબોના નામ લખી જણાવુ છુ સુરત તથા રાદેરના ઓલમા. મોલવી મોહમ્મદ બરકતુલ્લાહ. મોલવી મોહમ્મદ કાજમ. મોલવી મહમુદ. મોલવી અબદુલ કાદેર બાએકજા. મોલવી નુરમોહમ્મદ. મોલવી સૈયદ અબદુલ ગફુર. મોલવી અબદુલ કાદેર બી. હસન. મોલવી કાજી રહમતુલ્લાહ મોલવી હાફેજ ઇસમાઇલ. મોલવી મોહમ્મદ અબદુર રહીમ. મુંબાઇના ઓલમા. મોલવી હીદાયતુલ્લાહ. મોલવી નજફઅલી. મોલવી મુલ્લા મોહમ્મદ તાહેર. નારનોલના ઓલમા. મોલવી યુનોસ બેગ. મોલવી મોહમ્મદ યાસીન. મોલવી નજમુલ હસન. લુધયાણાના ઓલમા. મોલવી મુશતાક અહમદ. મોલવી નુરમોહમ્મદ. લાહોરના ઓલમા. ઇનજુમન મુસતશારૂલ ઓલમાંના મુફ્તી મોલવી મોહમ્મદ અબદુલ્લાહ. મોલવી અબદુલ્લાહ નોમાનીયા મદરસાના મોદર્રેસ. મોલવી ગુલામ અહમદ નોમાનીયા મદરસાના મોદર્રેસ. કાનપુરના ઓલમા.

નદવતુલ ઓલમાના મુફ્તી મોલવી અબ્દુલ્લા તીફ. મોલવી ગુલામ હુશેન. મોલવી રહમ ઇલાહી. દેવબંદના ઓલમા. મદરસાના મુફ્તી મોલવી અજીજુર રહમાન. મોલવી મહમુદ મોદરેસ અવ્વલ. નાજેમએ રાહે હકના પૃ. ૬૨ માં ઇલમે ગેબનો મસલો છે. તેના ઉપર દસ્તખત કરનારા મોલવીઓ. મોલવી મોહમ્મદ સગરામપુરાવાલા. મોલવી અબ્દુલ ગફુર સગરામપુરાવાલા. મોલવી અબ્દુલ હક્ક સગરામપુરાવાલા મોલવી રહીમુદદીન રાંદેરવાળા. વગેરે.

મોલવી નજીર અહમદ પોતાની કીતાબે બવારેકે લામેઆ પૃષ્ટ ૩૫૧માં લખે છે કે "બાજ ચીજો હજરત (સલ)ની રૂહ મુબારકની આગળ કરવામાં આવે છે આપ (સલ) બાજગેબને જાણે છે." મોલવી અબ્દુલ હક્ક તા૦ ૧૩--૫--૧૩૧૮ હીજરીના મુંબઇના સુલતાનુલ અખબારમાં મોલવી નજીર અહમદની બવારેકે લામેઆથી લખે છે, "કોઇ મુસલમાન આ નહી કેહતો કે રસુલલ્લાહ દરેક ચીજને જાણતા હતા."

એ મસલાની વધુ હકીકત મેં મારા રીસાલા ઇજાલતુરરેબમા તથા રીસાલા ગેબીમાં તથા ગુજરાતી મા લાબુદ્દ મિન્હોના દીબાચામાં તથા મા લાબુદ્દ મિન્હોના હાશયામાં લખી છે અને અહીયાં પણ જરા લખવામાં આવે છે. બુખારી શરીફમાં છે કે કેટલીક છોકરીઓ દફ વગાડી બોલતી હતી. તેમાથી એક બોલી "અમારામા એવા નબી છે કે કાલે થનારી ચીજને જાણે છે" ત્યારે હજરતે (સલ) સાફ ફરમાવ્યું કે 'એને ના કેહ. અને જે કહેતી હતી તે કેહ." મુલ્લા અલી કારી એની શરહમાં મીરકાતમા કહે છે. " આપે એ કહેવાનું મના કીધું તેનું કારણ આપના તરફ ઇલમે ગેબની નીસબત કીધી તેનું મકરૂહ જાણવું છે." એવીજ તરેહ શાહ અબ્દુલ હક્ક દેહલવી સાહેબે લમઆતમાં લખ્યું છે. એવીજ બીજી શરહોમાં પણ છે. કોઇ એમ કહે કે હજરતે (સલ) જે મના કીધુ તેના કારણો શરેહવાળા અનેક બ્યાન કરે છે ત્યારે ખાસ ઇલમે ગેબની ના કેમ પડાય. તેનો જવાબ કે બેશક શરેહવાળાઓએ પોતાની ધારણાથી તથા શરીઅતના કાયદાથી અનેક કારણો બ્યાન કીધેલાં છે. પણ જો હજરત (સલ)ને તમામ ગેબ અલ્લાહે બતાવ્યો હોત અને આપ બધુ જાણત તો એ કારણને શરહ કરનારા બ્યાન કરતજ નહીં. અને જ્યારે બધા શરહ કરનારાઓએ ઇલમે ગેબ નહી જાણવાનું કારણ બ્યાન કીધું તો જણાઇ ગયું કે તમામ ગેબનો ઇલમ હજરત (સલ)ને હતો, એ તેઓમાં મનાયલું નથી. વળી એ કારણનો ટેકો હદીસથી પણ મળે છે બુખારી શરીફમાં હજરતઆએશા (રદી)ની હદીસ છે "જે કોઇ બ્યાન કરે કે હજરત કાલની વાત જાણતા હતા. તો તેણે જૂઠ કહ્યું" વરી બુખારી શરીફમાં ઇબને ઉમરની હદીસ છે. હજરત ફરમાવે છે, "કાલે શું થનાર છે તેને ખુદા વગર કોઈ જાણતું નથી" એ વગર બીજી ઘણી હદીસો છે. કુરઆનસુરા મુદદસ્સેરમાં છે "તારાં રબના લશ્કરોને તેના (ખુદા) વગર કોઇ જાણતુ નથી." એની તફસીરમાં શેખ મોહૈયુદદીન ઇબને અરબી (રહ) લખે છે "તે (લશકરો)ની ગણતરીને, તેના અંદાજાને, તેની કેફયતને અને તેની હકીકતને તેના (ખુદા) વગર કોઇ જાણતું નથી. કેમકે તેનો ઇલમ તે બધાની માહીયતને અને તેઓની હાલતને ઘેરનાર છે." એને લગભગ તફસીર અરાએસુલ બ્યાનમાં છે. તથા તેમાં "કુલ્લા અમલેકો લેનફસી"ની તફસીરમા પણ ગેબના મસલાનો ખુલાસો સારો લખાયલો છે.

અકાએદનો મસલો કુરઆન હદીસથી સાબેત કરવામાં આવે છે, તથા અકાએદની કીતાબોથી તથા ફીકહની કીતાબોથી દાખલો લેવાય છે [1] એ સિવાય બીજા કોઇથી દાખલો લેવાતો નથી. છતા ઇબને અરબીની તફસીરથી તથા અરાએસુલ બ્યાનથી જે મે દાખલો લીધો છે તે એટલા માટે કે આ સુફીયો પણુ આ મસલામા અમને ટેકો આપે છે. નહી તો સુફીયોની વાત હદીસ કુરઆનના મુકાબલામાં કદી કબુલ થાએ નહી. ગુલામ મોહમ્મદ.

---

૧ એજ માટે તા૦ ૧૪ જીલહજ સને ૧૩૧૭ હીજરીએ વડોદરામા મોલવી બશીરને લવાદોએ હુકમ કીધેલો કે "પોતાના દાવાને માતબર તથા ચાલુ વપરાતી કીતાબોથી દલીલો લાખીને લાવો" તે હુકમને માન્ય કરીને લઈ તો ગયા, પણ હજી સુધી લાવ્યા નથી અને આ ફકીર તે લોકોના હુકમ પ્રમાણે માતબર કીતાબોથી લખી ઠેરવેલે દીવસે આપયાવો છે ગુ. મો.

જાહેર ખબર.

આ લાબુદ મિન્હાજ જગત જાણીતી ફારસી કીતાબ મહા વિદવાન વલીએ કામેલ જનાબ કાજી સનાઉલ્લાહ પાણીપતી(રહ)ની રચેલી કે જે ઘણા શેહેરોના ઘણા પ્રેસોમાં ઘણી વાર છપાઇ માન પામી દરેક ઇસ્લામી મદરસાઓમાં ચાલુ છે તેનો તરજુમો ગુજરાતીમાં છપાયો છે. મજકુર કીતાબનો તરજુમો ઉર્દુમાં પણ ઘણો માનીતો થયો છે પણ તે ફકત કીતાબનો તરજુમો છે. અને ગુજરાતીમાં કીતાબના તરજુમા સાથે તેની નોટોનો પણ તરજુમો થયો છે કે જેમાં નમાજ, રોજા, જકાત, અકાએદ વીગેરેના સેંકડો મસાલાઓનો મોટો ભંડાર સમાએલો છે. અને એજ કારણથી ફારસી આ લાબુદ મિન્હાજ સાથે દરેક પ્રેસવાળાએ એ નોટને છાપી છે. એ તરજુમો ૬૦ રતલી ઉમદા કાગળ ઉપર છપાઇ બહાર પડયો છે. કી. રૂ૦ ૧ પોષ્ટ વગર

માલા બુદ્દ મિન્હા ઉર્દુ કી૦ આના ૫

માલા બુદ્દ મિન્હા ફારસી કી૦ આના ૧૧

તોહફતુલ હિન્દ નામની કીતાબ જે ઉરદુભાષામાં માન પામી ૧૨ વાર છપાએલી તેનો ગુજરાતી ભાષામાં તરજુમો થયો છે. અને જો કે કરતાએ માત્ર હીન્દુ ધર્મ અને ઇસ્લામી ધર્મની સરખામણી કીધી હતી પણ ભાષાંતર કર્તાએ નોટમાં ખ્રિસ્તીઓની અને આર્ય સમાજવાલાઓની પણ સરખામણી કરી તેઓના લખાણનો જવાબ પણ લખાયો છે જેથી તે અસલ કીતાબ કરતાં ત્રણ ગણી મોટી થઇ છે. મતલબ કે એ કીતાબનો વાંચનાર હીંદુ, ખ્રીસ્તી અને ઇસ્લામી ધર્મથી વાકેફ થઇ જશે. કીમત પોષ્ટ વગર રૂ૦ ૨

"**તોહફતુલ હિંદ**" અંગ્રેજી. મજકુર પુસ્તકને કેટલોક વધારો સહીત એક બી. એ. સાહેબ પાસે તરજુમો કરાવી ૬૦ રતલી ગલેજ કાગળપર છપાવ્યુ છે. કીમત રૂ૦ ૨ પોષ્ટ વગર.

"**તોહફતુલ હિંદ**" ઉર્દુ કીમત આના ૧૨.

ઇઝહારૂલ હક્ક નામનું પુસ્તક કે જે મોલવી રહમતુલ્લાહ મોહાજેરે મક્કી સાહેબનું રચેલુ છે તેનો તરજુમો અરબીથી ગુજરાતીમાં કરી ગલેઝ ૫૦ રતલી કાગળઉપર આઠ પેજી પૃષ્ટ ૫૦૦ ઉપર છપાવ્યુ છે. એ આખી જગતના પાદરીઓને ઉત્તર કરનારૂં છે એમાં એક પ્રસ્તાવના તથા છ અધ્યાય છે. પ્રસ્તાવનામાં કેટલીક જાણવાજોગ બાબતો લખી પાદરી ફાનડરની મીજાનુલ હક્કના કેટલાક ફકરાઓનો જવાબ છે. પેહેલા અધ્યાયમાં બાઇબલનું વર્ણન છે તથા તેની જુબાં, ખોટારાની સાબેતી છે. બીજા અધ્યાયમાં બાઇબલના ફેરફાર થયાનો સિદ્ધાંત તથા પાદરીઓના શેકાઓનો ઉતર છે. ત્રીજામાં નાસેખ મનસુખનું વર્ણન છે. ચોથામાં ત્રીદેવનું (તસલીસ) નું ખોટાપણું બાઇબલથી તથા અકલી દાખલાઓથી છે. પાંચમામાં કુરઆનનું કલામુ-લ્લાહ થવું સિધ્ધ કરી કુરઆન ઉપર તેઓની કાઢેલી શંકાઓનો ઉત્તર છે તથા તેની સાથે હદીસોનો કેટલોક હાલ તથા તે વિષેની શંકાનો ઉત્તર પણ છે. છઠામાં હજરત મોહમદ (સલ) સાહેબની પેગમબરીની સાબેતી આસમાની વગેરેના દાખલાઓથી છે કીમત રૂ ૨-૦-૦ પોષ્ટ વગર

ગુલસને તમીજ ગુજરાતી. જનાબ નવાબ મહદમીન ખા સાહેબની રચેલી કી. આ. ૧૦.

આકાસ ચાલે કે પૃથ્વી ચાલે કી આ ૧ એ કોલમાં તે પૃથ્વીના ચાલવા ઉપર દાખલા અપાય છે તેનુ એમાં ખંડન છે

બૈબલ પરીક્ષા કીમત આના ૨ ⎫ આ બંને ચોપડી
જેહાદની હકીકત કી. આનો ૧ ⎭ આ ઇજહારૂલ હકના નમુના છે

તુહફતુલ મનાસેક—ઉરદુ કી આના ૪

મુશાહદતે લારેબ ઉર્દુ ગેબ વિશે કી આ. ૩

શાહેનજાત ,, કી. આના ૨

નસીહતુલ મુસલેમીન ઉરદુ કી આ ૨

હીદાયતુલ મોહતદીન ઉરદુ કી આના ૩

મફાઇસો આમલા કી. આના ૨.

મસલાહુર રોસુમ ઉરદુ કી. આના ૫

કુરઆન શરીફ મોટા તથા ઉમદા ખતમાં અને તેની નીચે શાહ અબદુલ કાદેર (રહ)નો જગત જાણીતો તરજુમો ગુજરાતી અક્ષરોમાં કી૦ રૂ૦ ૫

શાહ અબદુલકાદેર સાહેબની તફસીર **મુજેહુલ કુરઆન** ઉરદુ સાત ભાગમાં પુરી કી. પુરીના રૂ. ૪

રાહે નજાત ગુજરાતી ભાષામાં
નસીહતના બે બોલ
નસીહતુલ મુસલેમીન
હીદાયતુલ મોહતદીન
મોલવી બશીરના રીસાલાનો ટુંક જવાબ
તુહફતુલ મનાસેક ગુજરાતી
સહમુલ ગેબ ઉરદુ
ઇબતાલતુર- રેબ ઉરદુ
તાજીઆની હકીકત
ફીલસુફીની કસોટી
ટચ સ્ટોન ઓફ ફલાસેફરસ અંગ્રેજી

આ પુસ્તકો દરેકે મોટે વાંચવા
આ સઘળી ચોપડીઓ આનાની કીમતે
આ કાગળમાં – આવશે.

ગુલામ મોહમ્મદ બી. હાજી હાફેજ સાહેબ

મુ૦ રાંદેર જીલ્લે, સુરત